**સુવિચાર**

પ્રત્યેક દિવસ કોઈ અપેક્ષા સાથે શરૂ થતો હોય છે અને કોઈ અનુભવ સાથે પૂરો થતો હોય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૭/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૮૭





## ધુમ સ્ટાઈલ દોડતા ટુ-વ્હીલર, માલવાહક રિક્ષામાં થતી મુસાફરી અટકાવો

# અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માત અટકાવવા કડક કાર્યવાહી જરૂરી

### જાહેર માર્ગો ઉપર આડેધડ પાર્ક થતાં વાહનો, રેંકડિઓ કે કેબિનોને સાઈડમાં ખસેડવા એક્શન પ્લાન બનાવો

### જાહેર માર્ગ પર અડિંગો જમાવીને બેસતાં પશુઓ કે માર્ગમાં નડતરરૂપ બનતા શ્વાનનો પ્રશ્ન દૂર કરો

### લાયસન્સ વગર દોડતા વાહનોનાં ચાલકો સામે પણ કાર્યવાહી કરવી પડશે

### અમદાવાદ જેવી ઘટના બને અને બાદમાં કામગીરી શરૂ કરવી તેના કરતાં પાણી પહેલા તંત્ર પાળ બાંધે તેવી માંગ

અમરેલી, તા. ૨૧

અમદાવાદમાં માર્ગ અકસ્માતની ઘટનામાં ૯ વ્યક્તિઓનાં મોતથી હાહાકાર મચી ગયો છે. અને સરકાર પર તડાપીટ બોલી છે. તેવા સમયે અમરેલી જિલ્લામાં પણ અવારનવર થતાં અકસ્માતમાં અનેક જિંદગીઓ મોતને ભેટી રહી છે.

અમરેલી જિલ્લામાં પણ ટ્રાફિક પોલીસ, પાલિકા અને સત્તાધીશોએ ભેગા મળીને કોઈનો મોટાં અકસ્માતની ઘટના બને તે પહેલા જાગૃત થવાની જરૂર છે. જિલ્લામાં હાઈવે ઉપર પસાર થતાં ઓવરલોડીંગ ટ્રક, ડમ્પર, માલવાહક રિક્ષામાં થતી મુસાફરોની હેરફેર, સ્કૂલવાનમાં ઘેટાં-બકરાની જેમ સ્કૂલ લઈ જવાતાં બાળકો, શહેરમાં ધુમ સ્ટાઈલમાં ટ્રીપલ સવારી બાઈક ચલાવતાં લવર મુછીયાઓ, જાહેર માર્ગો પર અડિંગો જમાવતા પશુઓ, ટ્રાફિકને અડચણરૂપ થતાં પાર્કિંગ વાહનો, રેકડીઓ કે કેબિનોની સમસ્યાનું નિરાકરણ કરવું જરૂરી છે.

માર્ગ અકસ્માત માટે ઉપરોક્ત સિવાય બિસ્માર માર્ગો પણ કારણભૂત હોય હાઈવે ઉપરનાં તમામ વળાંકો, સિગ્નલો કે ખાડાંઓનું નિરાકરણ કરવું પડશે. બિસ્માર માર્ગો અને પુલોની મરામત કરવી પડશે. સમયાનુસાર જંગલ કટિંગ જેવી કામગીરી પણ હાથ ધરવી પડશે અને લાયસન્સ વગર કોઈપણ વાહન ન ચલાવી શકે તે માટે પણ ગંભીરતાથી કાર્યવાહી કરવી જરૂરી બની છે.

---

## યુવક તણાતો હોવાનો વિડીયો થયો વાયરલ

# વરસાદે તો ભારે કરી : વડિયાનાં ખાનખીજડીયા ગામનો યુવક પાણીમાં તણાતા શોધખોળ શરૂ

### અમરેલીની ફાયર ફાઇટરની ટીમ મદદે દોડી



વડિયા, તા. ૨૧

વડિયાના ખાનખીજડીયા ગામેથી ઢુંઢિયા પીપળીયા તરફ જવાના રસ્તે ગામના સ્મશાન પાસે આવેલી વોકળા પરના બેઠાપુલ પર બપોર બાદ પછીના વરસાદના પાણીના વહેણ આવતા મોટરસાઈકલ સાથે પસાર થતા યુવક મોટરસાયકલ સાથે તણાતો હોવાનો લાઈવ વિડિયો વાયરલ થયો હતો અને સ્થાનિક લોકોને અને સ્થાનિક વહીવટી તંત્રને તેની જાણ થતા વડિયા મામલતદાર વડિયા, પીએસઆઇ પોલીસ સ્ટાફ તે ઘટના સ્થળે પહોંચી યુવકની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

જાણવા મળતી વિગતો મુજબ આ ૪૫ વર્ષિય યુવાન ખાન ખીજડીયા ગામનો દિનેશભાઈ ગોબરભાઈ ધામેચા કોળી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતુ. યુવકની શોધખોળ માટે સ્થાનિક મામલતદાર મહેતા, પીએસઆઇ ડાંગર, ટીડીઓ લિંબાસીયા અને અમરેલી ફાયર

અનુસંધાન પાના ૬ ઉપર

---

## ટ્રેનની અવર-જવર હોવાથી સિંહોની સુરક્ષા પર ખતરો

# રાજુલાનાં ઉંચૈયા ગામ નજીક રેલ્વે ટ્રક ઉપર એકી સાથે ૪ સિંહ પસાર થતાં હોય ૨ હડફેટે ચડયા

### એક સિંહનું મોત અને અન્ય એક સિંહને ઈજા : બે સલામત

ફાઈલ તસ્વીર





અમરેલી, તા. ૨૧

રાજુલા તાલુકાનાં ઉંચૈયા ગામ નજીક આજે વ્હેલી સવારે ચાર જેટલા સિંહનું ગૃપ રેલ્વે ટ્રેક ઉપરથી પસાર થતાં હતા. ત્યારે અચાનક જ ટ્રેન આવી જતાં બે સિંહ ટ્રેન હડફેટે આવી જતાં ૧ સિંહનું ગંભીર ઈજાથી મોત નિપજયું હતું જયારે એક સિંહને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડાયેલ છે.

આ બનાવમાં સુત્રોમાંથી મળતી વિગત મુજબ ગઈકાલે મોડી રાત્રેનાં લગભગ બે વાગ્યાના સમયે રાજુલા તાલુકાનાં ઉંચૈયા ગામ નજીક એક ચાર જેટલા સિંહનું ટોળુ રેલ્વે ટ્રેક ઉપરથી પસાર થતું હોય. ત્યારે ટ્રેન આવી જતાં ચાર પૈકી ૨ સિંહને વનકર્મીએ બચાવી લીધા હતા જયારે ૨ સિંહ ઉપર આ ટ્રેન ફરી વળતા એક સિંહનું મોત થયું હતું જયારે ૧ સિંહને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજુલા પંથકમાં અવાર-નવાર ટ્રેન હડફેટે આવી જતાં સિંહનાં મોત

અનુસંધાન પાના ૬ ઉપર

---

## મુખ્યમંત્રીને પત્ર પાઠવતા શિક્ષણ ચેરમેન વિપુલ દુધાત

# લીલીયા તાલુકાને અતિવૃષ્ટિ/લીલા દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ

### સ્થાનિક ખેડૂતોને વરસાદથી ભારે નુકસાન



લીલીયા, તા. ૨૧

લીલીયા મોટા જિલ્લા પંચાયત સદસ્ય અને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલભાઈ દુધાત દ્વારા ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી લીલીયા તાલુકાને અતિવૃષ્ટિ અને લીલા દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા પત્ર પાઠવ્યો પત્રમાં જણાવેલ કે, ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર

---

## સામાન્ય માથાકૂટમાં આત્મહત્યા કરી લીધી

# પત્નીએ જમવા માટે રાહ જોવાનું કહેતા પતિએ ગળાફાંસો ખાઈ લીધો

### જાફરાબાદનાં લોઠપુર ગામે ઘટના ઘટી

અમરેલી, તા. ૨૧

જાફરાબાદ તાલુકાનાં લોઠપુર ગામે રહેતા જઈશ બુધ્ધ ખરીયા નામના ઈસમને તેમની પત્ની લચ્છીબેને જમવા માટે રાહ જોવાનું કહેતા પતિને સારૂ નહી લાગતાં પોતાની પત્ની સાથે બોલાચાલી કરી જપાજપી કરી ગુસ્સામાં રૂમમાં જઈ રૂમની એંગલ સાથે ટી-શર્ટ-દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતા જઈશ બુધ્ધ ખરીયાનું મોત નિપજયાનું જાફરાબાદ ટાઉન પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---





**નંદભુવન સોસાયટી**

ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે

સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે

સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેક્ટની સાવ નજીક"

તૈયાર કબ્જો

૯૦ વારથી વધુના પ્લોટો

ફક્ત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે

બુકીંગ માટે સંપર્ક

મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪





**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091


ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮

ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# બાબરામાં જુના તાપડીયા આશ્રમ ખાતે શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાનો મંગળ પ્રારંભ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં જુના તાપડીયા આશ્રમ ખાતે શ્રી તાપડેશ્વર મહાદેવના સાનિધ્યમાં તા. ૨૧ થી ૩૧ જુલાઈ સુધી દરોજ બપોરના ૩/૬ વાગ્યા સુધી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથા યોજાશે. આજે બપોરે ૨ કલાકે કાંકરિયા ચોરા રામજી મંદિરથી દિવ્ય અને ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. જેમાં તાપડિયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ તેમજ રિધેર મહાદેવ મંદિરના મહંત પૂજય ગણપત બાપુ સહિતના સાધુ સંતો અને મોટી સંખ્યામાં ભાવિકો પોથીયાત્રામાં જોડાયા હતા. અહીં જુના તાપડીયા આશ્રમ ખાતે આયોજિત શ્રી શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞના વ્યાસાસને બાબરાના વિદ્વાન શાસ્ત્રી જીતુદાદા જોષી બિરાજી સંગીતમયશૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે અહીં કથા દરમિયાન શિવ વિવાહ સહિત મહાદેવના અન્ય પ્રાગટય અવતાર તેમજ ધાર્મિક પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે.

### ચલાલા નજીક આવેલ

## મીઠાપુર ગામે મૈત્રી કરાર કરેલ મહિલાને સાસરીયાવાળાએ ગડદા પાટુનો માર માર્યો

### એક જ પરિવારનાં સભ્યોએ સામસામી ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૨૧

ચલાલા નજીક આવેલ મીઠાપુર (ડુંગરી) ગામે રહેતા સેજલબેન જેન્તીભાઈ રાઠોડ નામની ૩૫ વર્ષિય મહિલા તથા તેમના પતિ સાતેક વર્ષથી મૈત્રી કરાર કરી પતિ–પત્ની તરીકે સાથે રહેતા હોય. જેથી તેણીનાં પતિના પરિવારે તે વાતનું મનદુઃખ રાખી સામાવાળા રમેશભાઈ પૂંજાભાઈ રાઠોડ સહિત ૬ લોકોએ આ મહિલા તથા તેણીના પતિને ઝપાઝપી કરી ગડદાપાટુ મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે. તો સામાપક્ષે આ જ બનાવમાં લક્ષ્મીબેન પૂંજાભાઈ રાઠોડે પણ સેજલબેન તથા તેણીનાં પતિ જેન્તીભાઈ પૂંજાભાઈ રાઠોડ સામે દાતરડા વડે ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

### પન્ના નાયક ફ્રી પેડ પ્રોજેક્ટ અંતર્ગત

## સાવરકુંડલામાં બહેનો માટે માસિક સ્વચ્છતા જાગૃતિ અંગે શિબિર યોજાઈ



સાવરકુંડલા, તા. ૨૧

તા. ૨૧/૭/૨૩, શુક્રવારના રોજ શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા પન્ના નાયક ફ્રી પેડ પ્રોજેક્ટ અંતર્ગત પન્ના નાયક તથા નટવર ગાંધીના સૌજન્યથી શ્રી વી.ડી. કાણકિયા આર્ટસ અને શ્રી એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ તથા શ્રી વી.ડી. ઘેલાણી મહિલા કોલેજના બહેનો માટે સંયુકત ઉપક્રમે માસિક સ્વચ્છતા જાગૃતિ શિબિરનું આયોજન થયેલ. સમગ્ર તાલુકા કક્ષાની ગ્રામીણ બહેનો શારીરિક સ્વસ્થતા, માસિક સ્વચ્છતા અંગે વધુ જાગૃત બને તે માટે આ પ્રોજેકટ હેઠળ સમગ્ર તાલુકામાં આ સંસ્થા છેલ્લા ઘણા સમયથી કામ કરી રહી છે, ત્યારે આજરોજ શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત બંને કોલેજોની બહેનો માટે આ સ્વચ્છતા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં ડો. પ્રિ.એસ.સી. રવિયા દ્વારા મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરી પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ. આ શિબિરમાં શ્રી નૂતન કેળવણી મંડના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી/કામદાર, જીગીશાબેન ગાંધી (મુંબઈ), ડો. અમીબેન પાંધી, અમીબેન પંચાલ, સનાબેન પંચાલ (ઘેલાણી પરિવાર) તથા વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ હિનાબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા.

હીનાબેન જોષીએ શિબિરને અનુરૂપ પ્રાસંગિક વાતો કરેલ. ત્યારબાદ પ્રોજેકટ વિશેષજ્ઞ જીગીશાબેન ગાંધીએ પ્રોજેકટર દ્વારા તમામ બહેનોને આ માસિક સ્વચ્છતા જાગૃતિ માટે વૈજ્ઞાનિક રીતે સચોટ માર્ગદર્શન પૂરૂં પાડેલ તેમજ ડો. અમીબેન પાંધીએ પણ બહેનોને શારીરિક સ્વસ્થતા તથા સજાગતા માટે વિસ્તૃત ચર્ચા કરેલ. શિબિરના અંતે ઉપસ્થિત તમામ બહેનોને સેનેટરી પેડ હેલ્થ કીટનું વિતરણ કરવામાં આવેલ.

કોલેજના વા.પ્રિ. રીંકુબેન ચૌધરી દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ તેમજ સમગ્ર શિબિરને સફળ બનાવવા કોલેજના સ્ટાફ ગણે વિશેષ જહેમત ઉઠાવેલ એમ પાર્થ ગેડીયા દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### વિધાનસભાની ચુંટણી પહેલા અને બાદમાં અપાયેલ તમામ ખાત્રીનું સુરસૂરિયું

## ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં શિક્ષકોની માંગ પુર્ણ ન કરાતા વિવિધ પ્રકારે આંદોલન શરૂ

### અમરેલી ખાતે રાજયનાં મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવીને આંદોલનની રૂપરેખા દર્શાવી




અમરેલી, તા. ૨૧

દરેક ચુંટણી વખતે સત્તાધીશો જનતાને હથેળીમાં ચાંદ બતાવીને મત મેળવીને બાદમાં અપાયેલ ખાત્રીને ઘોળીને પી જતાં હોય છે અને આવું થયું છે રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના અમરેલીના શિક્ષકો તુલસીભાઈ મકવાણા, પી.કે. વસરા, સી.પી.ગોડલીયા, કનકભાઈ જોષી સહિતનાં શિક્ષકો સાથે આવી શિક્ષકોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવીને આંદોલન શરૂ કર્યુ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે,અમારા પડતર પ્રશ્નો અંગે શિક્ષણ મંત્રી શિક્ષણ સચિવ તથા નાણા વિભાગનાં અધિકારીઓની ઉપસ્થિતિમાં વિધાનસભાની ચુંટણીઓ પહેલા માંગણીઓનો સ્વીકાર કરવામાં આવેલ હતો. આ અંગે મંત્રી દ્વારા પત્રકાર પરિષદમાં પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. વિધાનસભાની ચુંટણી અગાઉ સરકાર દ્વારા તમામ પ્રશ્નોના ઉકેલ અંગેની ખાતરી આપી ટુંક સમયમાં તમામ ઠરાવ કરવા સ્વીકારવામાં આવેલ હતું. ચુંટણીઓ બાદ શિક્ષણમંત્રીએ તમામ પરિપત્રો કરવાની ખાતરી આપી હતી. ત્યારબાદ ગત એપ્રિલ માસમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર અને રાજયક્ષાનાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, શિક્ષણ સચિવ અને ઉ.મા.શિ. બોર્ડનાં અધ્યક્ષ અને સંબંધિત તમામ અધિકારીઓની હાજરીમાં સંકલન સમિતિ સમક્ષ મંત્રીએ પત્રકાર પરિષદમાં શાળાઓનું નવું સત્ર શરૂ થાય તે પહેલા તમામ ઠરાવ બહાર પાડવાની જાહેરાત કરી હતી. આમ ત્રણ ત્રણ વખત જાહેરાત કરવામાં આવ્યા પછી શાળા શરૂ થયાને દોઢેક માસ થવા છતાં હજુ પણ મોટાભાગની શાળાઓમાં શિક્ષક, કારકુન, પટાવાળા, ગ્રંથપાલ, લેબ ટીચર વગેરે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે.

વધુમાં જણાવેલ છે કે, શાળાઓમાં પુરતો સ્ટાફ ન હોવા છતાં હાલમાં યુ.ડાયસ પ્લસ, આધાર ડાયસ, ટાટ પરીક્ષાની ઉત્તરવહી ચકાસણી પુરક પરિક્ષાની ઉત્તરવહીનું પરીક્ષણ અને નિરીક્ષણ, એકમ કસોટીની ઓનલાઈન એન્ટ્રી, શિષ્યવૃતિ દરખાસ્ત જેવી કામગીરીની જવાબદારીઓનાં લીધે વિદ્યાર્થીઓનાં શિક્ષણ કાર્ય પર વિપરીત અસર પડી રહી છે.

વધુમાં જણાવેલ છે કે, શૈક્ષણિક કર્મચારીઓની ૧૦૦ ટકા કાયમી ભરતી તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી આપ્યા બાદ ખાલી જગ્યા પર કાયમી ભરતી સત્વરે પુર્ણ કરવી બિન શૈક્ષણિક કર્મચારીઓ કારકુન, ગ્રંથપાલ, પટ્ટાવાળા, પ્રયોગશાળા મદદનીશની ભરતીની સંચાલક મંડળને સત્વરે મંજુરી આપવા સહિતની માંગ કરવામાં આવી છે.

### ભાજપનાં કોષાધ્યક્ષે કરી રજૂઆત

## સા.કુંડલાનાં ગ્રામ્ય વિસ્તારનાં નાગરિકોને વિવિધ દાખલાઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરો

### અધિકારી અને પદાધિકારીને પત્ર પાઠવ્યો



સાવરકુંડલા, તા. ૨૧

ગુજરાત સરકાર દ્વારા અરજદાર પોતે ઘર બેઠા કોઈપણ પ્રકારના પ્રમાણપત્રો જેમ કે આવક, જાતિ, નોન ક્રિમિલિયર, ડોમીસાઈલ, ઈડબલ્યુએસ, બિન અનામત વગેરે જેવા પ્રમાણપત્રો માટે ડિજિટલ ગુજરાત વેબસાઈટ પર ઘર બેઠા અરજી કરી શકે છે. જેમાં તેઓને જે તે કચેરીમાં જવાની જરૂર પડતી નથી. પરંતુ સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારના અરજદારોને ઓનલાઈન અરજી એટલે કે ડિજિટલ ગુજરાત વેબસાઈટ પર અરજી કરવા જાય છે. ત્યારે તેમાં જે પંચાયતનું ઓપ્શન આવે છે તે ઓપ્શન બંધ બતાવે છે. જેના કારણે સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના અરજદારો ઓનલાઈન અરજી કરી ઘરે બેઠા જે તે દાખલો મેળવી શકતા નથી. જેના અનુસંધાને સાવરકુંડલાના જાગૃત ભાજપ કાર્યકર્તા અને શહેર ભાજપ કોષાધ્યક્ષ જતીનભાઈ મૈસુરિયા દ્વારા સરકારની ડિજિટલ ગુજરાત વેબસાઈટ પર સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારના અરજદારો ઓનલાઈન અરજી કરી ઘર બેઠા પોતાનો દાખલો જેમ કે નોન ક્રિમિલિયર, ડોમીસાઈલ, બિનઅનામત વગેરે જેવા પ્રમાણપત્રો મેળવી શકે તે માટે અમરેલી નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટરના તકનીકી મદદનીશને લેખિતમાં રજૂઆત કરી છે.

# અમરેલીનાં 'કર્તવ્યમ' કાર્યાલયમાં ભાજપનાં કાર્યકરોને આવકારતા કૌશિક વેકરિયા






ગુજરાત રાજયની ૨૦૨૨ ની વિધાનસભાની ચુંટણીમાં અમરેલી જિલ્લામાં તમામ સીટો પર કમળ ખીલે તે માટે ભારતીય જનતા પાર્ટીનાં તમામ પાયાનાં કાર્યકર્તાઓએ દિવસ–રાત તનતોડ મહેનત કરી જેના થકી અમરેલી જિલ્લામાં તમામ સીટો પર કમળ સોળે કળાએ ખીલી ઉઠયા છે. તે બદલ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ પોતાની અમરેલી ખાતે કર્તવ્યમ કાર્યાલયે અમરેલી તાલુકા ભાજપ ટીમ તથા પાયાનાં કાર્યકર્તાઓને બોલાવી શુભેચ્છા મુલાકાત કરી હતી. તેમજ તાલુકાનાં ઈકોઝોન, સાંથાણી ડેમ, સ્પોર્ટ કોમ્લેકસ સહિત તમામ મુદાઓ પર કાર્યકર્તાઓ સાથે ખુલા મને ચર્ચા કરવામાં આવી અને કાયદાકીય ગુચવણનાં કારણે વર્ષોથી અણ પ્રશ્નોની નિરાકરણ લાવવાની કૌશિક વેકરીયા દ્વારા બાંહેધરી આપવામાં આવી તેમજ વિકાસનાં કામો બાબતે ગ્રામીણ જનોની પ્રાથમિક જરૂરીયાતનોને ધ્યોન રાખી કોઈને પણ અન્યાય ન થાય તેની કાળ જી રાખવાનું આશ્વસ્થ કરવામાં આવ્યા. વધુમાં આગામી દિવસોમાં સરકાર દ્વારા અમરેલી વિધાનસભામાં શરૂ થનારા વિકાસનાં કામોનાં પ્રોજેક્ટ વિશે તાલુકાની ટીમ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી. આ સાથે કેન્દ્ર સરકારનાં ઈ–શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમયોગીઓ માટે તેમને સુરક્ષિત ભવિષ્ય પ્રદાન કરવા નજીવા દરે વીમા કવચ તેમજ તેમની નાણાકીય સ્થિરતા સશકત બનાવવા માટે 'અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના' અંતર્ગત અમરેલી તાલુકામાં વધુમાં વધુ શ્રમયોગીઓ વીમા યોજના હેઠળ નોંધાવી શકે તે માટે બુથ સ્તરેથી લઈને તાલુકાનાં મુખ્ય આગેવાનો સહિતે ગામ વાઈસ કેમ્પ કરી કેન્દ્ર સરકારની યોજનાઓને છેવાડાની માનવી સુધી પહોંચાડવા સૂચના આપવામાં આવેલ હતી. આ તકે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયા મહામંત્રી મેહુલ ધોરાજીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી માર્કેટિંગ યાર્ડનાં ડાયરેકટર પી.પી.સોજીત્રા, અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, મહામંત્રી કાળુભાઈ વાળા, જિલ્લા ભાજપનાં પુર્વ પ્રમુખ પ્રાગજીભાઈ હીરપરા, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ દિલીપભાઈ સાવલિયા સહિત તાલુકા પંચાયતની ટીમ હાજર રહેલ.

## સત્તાધારી પક્ષ ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ધોકો પછાડયો

# અમરેલીમાં જ્ઞાન સહાયકની ભરતી રદ કરવા માંગ

**નવી યોજનામાં ટેટ અને ટાટ પાસ થયેલ ઉમેદવારોને માત્ર ૧૧ માસનાં કરાર આધારિત નોકરી આપવાનું યોગ્ય નથી**

**દિવસ-રાત મહેનત કરીને ટેટ અને ટાટ પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોમાં ભારે રોષ ઉભો થયો**

**રાજયની સરકારી શાળાઓમાં કાયમી ધોરણે નિમણૂંક આપવામાં આવે તે જરૂરી છે**

**કલેક્ટર મારફત સરકારને આવેદનપત્ર પાઠવીને જ્ઞાન સહાયકની ભરતી રદ કરવા માંગ કરી**

અમરેલી, તા. ૨૧

રાજય સરકાર ધ્વારા જ્ઞાન સહાયક ભરતી લાગુ કરવામાં આવી છે જે યોજના બંધ કરવામાં આવે તેમજ ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની રાજયની સરકારી શાળાઓમાં કાયમી ભરતી કરવામાં આવે તેમજ ૮ જેટલી લો કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા સ્થગિત કરવામાં આવતા ઉમેદવારોને પ્રવેશથી વંચિત રહેવું પડે છે. ત્યારે પ્રવેશની મંજૂરી આપવામાં આવે તેવી માંગ સાથે એબીવીપી ધ્વારા અમરેલીનાં કલેકટરને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



આવેદનપત્રમાં જણાવ્યા મુજબ રાજય સરકારે વિદ્યા સહાયક અને પ્રવાસી શિક્ષકની જે યોજના હાલ ચાલું હતી તે યોજના બંધ કરી જ્ઞાન સહાયકની યોજના અમલમાં મુકી છે. આ નવી યોજનામાં માત્ર ૧૧ માસના કરાર ઉપર શિક્ષકોની ભરતી કરવામાં આવશે. એટલે ૧૧ માસ બાદ આવા શિક્ષકોનું શું થશે ? તે અંગે કોઈ જાહેરાત કરાઈ નથી. ટેટ અને ટાટની ભરતીના આધારે હાલ નિમણૂંક થવાની છે. શિક્ષકોની કરાર ઉપર ભરતી થવાની હોઈ ઉમેદવારોમાં પણ ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. ત્યારે રાજય સરકાર ધ્વારા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવે તેવી માંગ એબીવીપ ધ્વારા કરવામાં આવી છે. જેથી કરાર આધારિત નવો ઠરાવ રદ કરી જૂની નિમણૂંક પધ્ધતિ પ્રમાણે ઉમેદવારોને તક મળે તેવી માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### ઈફકોનાં ચેરમેન અને સહકાર અગ્રણી દિલીપભાઈ સંઘાણીનાં હસ્તે

# સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળીની ભલગામ શાખાનાં નૂતન બિલ્ડિંગનું લોકાર્પણ કરાશે

**આગામી મંગળવારે કાર્યક્રમનું આયોજન**

અમરેલી, તા. ૨૧

ગુજરાતની શ્રેષ્ઠ મંડળીનું સન્માન જે શરાફી મંડળીનાં નામે બોલે છે એ બગસરાની શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીએ અવિરત વિકાસ સાધીને ગ્રામ્ય વિસ્તારોમાં સહકારી પ્રવૃતિઓને વેગ આપવાનું કામ કર્યુ છે. મંડળીનાં સ્વપ્નદ્રષ્ટા અને ચેરમેન અનિલભાઈ વેકરિયાનાં વડપણ હેઠળ સામાજિક, સેવાકીય અને સહકારી પ્રવૃતિઓની ત્રિવેણી સંગમ આ સંસ્થામાં જોવા મળે છે. પારદર્શક વહીવટ અને સભાસદોનાં હિતોને ધ્યાનમાં રાખીને મંડળીએ બગસરાથી અમદાવાદ સુધીની વિકાસયાત્રા શરૂ છે.



આ મંડળીની ગ્રામ્ય વિસ્તારમાં અને આદર્શ મંડળીનું ઉદાહરણ પુરૂં પાડયું છે. વિસાવદર તાલુકાનાં ભલગામ ગામે ગ્રામ્ય વિસ્તારનાં નગરજનોને આર્થિક સવલતો મળી રહે તે હેતુથી અત્યાધુનિક બિલ્ડીંગ સાથે શાખા કાર્યરત કરવામાં આવી છે. શાખાના નૂતન બિલ્ડીંગનું લોકાર્પણ સહકારી અગ્રણી અને ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીનાં વરદ્હસ્તે ૨૫ જુલાઈ, ૨૦૨૩ને મંગળવારનાં રોજ રાખવામાં આવ્યું છે. આ લોકાર્પણ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ગુજરાત રાજય ખેતી બેંકનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા અને વિસાવદરનાં પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાની ઉપસ્થિતિ રહેશે. ઉલ્લેખનીય છે કે, શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળીની બગસરા સહિત અમરેલી, ભેંસાણ, વિસાવદર, ચુડા,, કુંકાવાવ, ધારી અને ભલગામમાં શાખા કાર્યરત છે. આ ભલગામ શાખાનાં શુભારંભે વિવિધ શાખાનાં બોર્ડ ઓફ ડિરેકટર્સ સહિતનાં સહકારી આગેવાનો પણ ઉપસ્થિત રહેશે. એ વિશે મંત્રી દિપકભાઈ આંબલિયા અને મેનેજિંગ ડિરેકટર જયસુખભાઈ ગોંડલીયાએ જણાવ્યું હતું.

# જાફરાબાદ ખાતે શાંતિ સમિતિની મીટીંગ યોજવામાં આવી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદમાં ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિ મીટીંગ યોજવામાં આવી હતી. આવતા દિવસોમાં મુસ્લિમ સમાજનો તહેવાર મહોરમ તેમજ તહેવાર હોવાથી હિન્દુ મુસ્લિમ સમાજનાં આગેવા નો શાંતિ સમિતિની મીટીંગ યોજવામાં આવી હતી. જે મીટીંગમાં ટાઉનના પી.આઈ. દેસાઈ તેમજ મરીન પી.આઈ. ચૌધરી હાજર રહીને આવતા દિવસોમાં બંને તહેવારો દર વર્ષની જેમ ઉજવે તેવી આગેવાન દ્વારા માહિતી આપવામાં આવી હતી. સાથોસાથ પોલીસ બંદોબસ્ત જયાં પર જોશે ત્યાં અમે સહયોગ કરશું. તહેવાર ભાઈચારો અમન અને શાંતિથી સર્વો હિન્દુ મુસ્લિમ આગેવાનોની સાથે વેપારી એસોસિએશન પ્રમુખ, વેપારી ભાઈઓ, આગેવાનો હાજર રહ્યાં હતા. સર્વ સાથે મળીને ઉજવે તેવી પી.આઈ. દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

### નાયબ દંડક કૌશિક વેકરિયાનાં વરદ્હસ્તે ચેક અર્પણ

# અમરેલીનાં સોનારીયા ગામનાં વ્યકિતનું નિધન થતાં તેમના પત્નીને આર્થિક સહાય

**૧૫ દિવસ પૂર્વે વીજળી પડવાથી નિધન થયેલ**

અમરેલી, તા. ૨૧

સંવેદનશીલ ગુજરાત રાજય સરકાર દ્વારા કુદરતી આપદા સામે આકસ્મિક મૃત્યુના કિસ્સામાં સહાય આપવામાં આવે છે. રાજય સરકારની સંવેદનશીલતાનું વધુ એક ઉદાહરણ અમરેલી તાલુકાના સોનારીયા ગામ ખાતે તાજેતરમાં જોવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૧૫ દિવસ પૂર્વે સોનારીયા ગામ ખાતે વીજળી પડવાથી એક વ્યકિતનું આકસ્મિક મૃત્યુ નિપજયું હતું. આકસ્મિક મૃત્યુના કિસ્સામાં રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સરકારી સહાય રૂા. ૪ લાખનો ચેક મૃત્તકના પરિજન, મૃતકના ધર્મપત્નીને અર્પણ કરવામાં આવ્યો હતો. વિગતો મુજબ બાલાભાઈ કરશનભાઈ વાઘેલા ઉંમર વર્ષ ૪૮ સોનારીયા બસ સ્ટેશન વિસ્તારમાં બેઠા હતા અને ત્યાં વરસાદી વાતાવરણ વચ્ચે વીજળી ધડાકા સાથે પડતા તેમનું આકસ્મિક મૃત્યુ નિપજયું હતુ. પરિવારમાં આર્થિક સંકડામણ હોવાથી પરિવારની મુશ્કેલીઓનો પાર નહોતો અને પરિવારમાં કમાનાર મોભીનું આકસ્મિક અવસાન થતાં પત્ની પ્રવિણાબેન સહિત પરિવાર આ બાબતે ચિંતિત હતા. આથી સોનારીયા ગામ સરપંચ અને તલાટી મંત્રીએ આકસ્મિક મૃત્યુ સહાય અન્વયે અરજી દાખલ કરી હતી, જે જિલ્લા પંચાયત અમરેલીએ દરખાસ્ત માન્ય રાખતા સહાય મંજૂર થતાં તા. ૨૦ જુલાઈ, ૨૦૨૩ના રોજ સહાય ચેક અર્પણ મૃતકના ધર્મપત્ની પ્રવિણાબેનને અર્પણ કરવામાં આવ્યો હતો.



સંવેદનશીલ ગુજરાત સરકાર દ્વારા આકસ્મિક મૃત્યુના કિસ્સામાં સહાય ચેક મળતાં પ્રવીણાબેન બાલાભાઈ વાઘેલા અને તેમના પરિવારને આર્થિક મદદ મળી છે આથી પ્રવિણાબેને ગુજરાત રાજય સરકારનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ સહાયથી અમને જીવન નિર્વાહમાં મદદ મળશે. ગુજરાત રાજય સરકાર દ્વારા સહાય ચેક અર્પણ કરવામાં આવતા પીડિતોની પડખે છે સરકાર ફરી એક વખત સિદ્ધ થયું હતું. સહાય ચેક અર્પણ સમયે તાલુકા પંચાયત અમરેલીના ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, કારોબારી સમિતિ ચેરમેન નિકુલભાઈ, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન મુકેશભાઈ બગડા, અમરેલી તાલુકા વિકાસ અધિકારી, સોનારીયા સરપંચ જીલુભાઈ ધાધલ, તલાટી કમ મંત્રી અને ગ્રામ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ''એટલામાં કયાં ગઈ ભીનાશ...?'' શીર્ષક હેઠળ આયોજન


# અમરેલી ખાતે ગદ્ય સાહિત્ય સભા દ્વારા કવિ સંમેલનનું આયોજન


અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે આગામી તા. ૨૩/૭/૨૩ ને રવિવારે બપોરે ૪ થી ૬ કલાક દરમ્યાન જીવનતીર્થ વિધાલય મારૂતી નગર અમરેલી ખાતે 'એટલામાં કયા ગઈ ભીનાશ.?' શિર્ષક હેઠળ કવિ સંમેલનનુ આયોજન ગદ્ય સાહિત્ય સભા અમરેલી દ્વારા કરવામા આવેલ છે. અમરેલીના જાણીતા કવિ લેખક કે જેઓ સદેહે હાજર નથી તેવા જગદીપ ઉપાધ્યાયના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ આ કવિ સંમેલન યોજાવા જઈ રહ્યુ છે. આ કવિ સંમેલનમા સ્વર શુકન કુ. ઝીલ જોષી દ્વારા કરવામા આવશે. શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી', અગન રાજયગુરૂ, કનુભાઈ લિંબાચીયા, નસીમબેન પઠાણ કાવ્યપાઠ કરશે. જગદીપ ઉપાધ્યાયની ટૂંકીવાર્તાનું પઠન વાસુદેવ સોઢા, ઉમેશ ચાવડા, વર્ષાબેન જોષી કરશે. કવિતા પઠન ઉદયભાઈ દેસાઈ કરશે. શબ્દ સેતુ પરેશભાઈ મહેતા તેમજ સંકલન ભરતભાઈ ઉપાધ્યાય કરશે. આ કવિ સંમેલનને સમગ્ર જીલ્લાની સાહિત્ય સંસ્થાઓ છાલક પરીવાર, સાહિત્ય સર્જક પરીવાર, સંવાદ, લોક સાહિત્ય સેતુ વગેરે અમરેલી, નાટય સર્જન સંસ્થા અમરેલી તેમજ સૌરભ સાહિત્ય સંસ્થાન રાજુલા દ્વારા શુભેચ્છાઓ પાઠવવામા આવી છે. ગદ્ય સાહિત્ય સભા અમરેલીના પ્રમુખ ગણપતભાઈ ઉપાધ્યાય દ્વારા સાહિત્ય પ્રેમીઓને બહોળી સંખ્યામા ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામા આવ્યું છે.























# વાર્તા–વૈભવ

## જૂની સાઈકલ

**– બલવીરસિંહ જાડેજા**



બલવીરસિંહ જાડેજા

(ગયા અંકનું ચાલુ)

''ભગુમામા, મારો નાનો ભાઈ વિશાલ, તમારે ત્યાં આવવા નીકળ્યો છે, એ આવીને મારી મમ્મીએ કહેવડાવેલ વાત કરશે, એ પછી મને ફોન કરજો.'' ત્યાં તો વિશાલ આવી પહોંચ્યો.

''ભગુમામા, મારી મમ્મીએ ખાસ કહેડાવ્યું છે કે, તમે બધાં એટલે કે તમારું અને ગોરબાપાનું આખું કુટુંબ પરમદિવસે, સમીરનો જન્મદિવસ છે, એટલે બધાંએ અમારા ઘરે સાંજે જમવા આવવાનું છે. આમ તો મારા પપ્પાના અવસાન પછી અમે ઘરનાં સભ્યોનાં જન્મદિવસ સાદાઈથી જ ઉજવીએ છીએ, પણ મનુમામા અને એમનું કુટુંબ પણ હાજર છે, એટલે આ ભાઈનો જન્મદિવસનો પ્રસંગ ઉજવવો છે.''

''કેમ આ વખતે વાસુને દીકરાનો જન્મદિવસ ઉજવવાની ઈચ્છા થઈ વિશાલ?'' જાનકીભાભીએ પૂછયું.

''મને એ કાંઈ ખબર નથી, મામી ! પણ ગોરબાપાના મનુમામા આવ્યા છે, જાણી મારાં મમ્મીને મેં ઘણા વખતે આનંદમાં જોઈ. ભગુમામા, મનુમામા ને મારી મમ્મી બધાં સાથે ભણતાં હતાં, એટલે કદાચ સૌને મળવાના કારણે એની ઈચ્છા થઈ હોય.''

''ભલે વિશાલ ! અમે બધાં, સમીરને જન્મદિવસની શુભેચ્છા આપવા અને તારી મમ્મી વાસુના હાથની રસોઈ જમવા ચોક્કસ આવીશું, જઈશુંને મનુ ?'' ભગુભાએ પૂછયું. ''હા, એ બહાને તમે બધાં તમારા જૂના શાળ ાજીવનનાં દિવસો યાદ કરશો તો, વાસંતીને પણ ગમશે.'' જાનકીભાભીએ મનુ વતી જવાબ આપ્યો. સૌ સમીરને શું ભેટ આપવી, તે વિચારતાં હતાં.

બીજા દિવસે સાઈકલ રિપેરમાંથી નવી બનીને આવી ગઈ. મલ્લિકાએ ઘરની આસપાસ કોલોનીમાં અરવિંદભાઈનાં બાળકો સાથે ચલાવી, ફોટાઓ પાડી આનંદ માણ્યો, પછી પાપાનાં કહેવાથી વાન પર લગેજ કેરિયરમાં બાંધી ગાંધીનગર લઈ જવા ચડાવી દીધી.

ત્રીજા દિવસે સાંજે સૌ વાસંતીનાં ''વિશાલ વિલા'' પહોંચ્યા. સમીરની પત્નીએ સૌનું આરતી ઉતારી સ્વાગત કર્યુ. વાસંતીની મનુ સાથે આંખો મળતાં જ બન્નેની આંખો ચૂઈ પડી. ગાયત્રીએ જોયું કે પતિ મનહર જે કહેતો હતો એમાં જરા પણ અતિશયોકિત નથી.

વાસંતી જાણે પોતાની જ હમશકલ મોટી બહેન લાગી રહી હતી. અકાળે આવી ગયેલા વૈધવ્યે એને જાણે વહેલી ઘરડી બનાવી દીધી હતી. સૌ ઘરમાં દાખલ થતાં જ વાસંતી, મનુએ જોડેલા હાથ જોઈને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ગાયત્રીએ વાસંતીને ભેટી, આશ્વાસનનાં શબ્દો કહી, સાંત્વના આપી. પાપાએ મલ્લિકાને ઈશારો કરતાં, અગાઉ નક્કી થયા મુજબ પગે લાગીને બોલી, ''વાસંતી આંટી, હું મલ્લિકા, મનહરપ્રસાદની દીકરી.'' વાસંતીએ મલ્લિકાને બાથ ભરી, ભેટતા કહ્યું, ''આજથી મારી પણ દીકરી, મારે કોઈ દીકરી નહોતી, તે આજે મળી ગઈ.'' ને સૌની આંખ ભીની થઈ ગઈ, પણ વાતાવરણ હળવું બની ગયું. વડીલોએ, સમીરને જન્મદિવસની શુભેચ્છા પાઠવી, સાથે લાવેલાં ગિફટ પેકેટ આપી, આશીર્વાદ આપ્યા.

ભગુભાબાપુએ પોતાની ટીખળી સ્વભાવ મુજબ પૂછયું, ''વાસુ, અમારા માટે તારા મહારાજ પાસે શું શું રસોઈ બનાવડાવી છે?''

''મામાજી, મહારાજે તો ઘણું બનાવ્યું છે, પણ સાથે સાથે, મમ્મીએ આપના અને મનુમામાજી માટે ભાવતી સુખડી અને ઢોકળીનું સ્પેશ્યલ શાક અને બાજરીનાં રોટલા જાતે બનાવ્યા છે.'' સમીરની પત્ની, સીમાએ ચોખવટ કરી. ''ભાભી, ઢોકળી એટલે શું?'' મલ્લિકાએ પૂછયું. ''તું જમીશ એટલે ખબર પડી જશે.'' વાસંતીએ પાસે ઉભેલી મલ્લિકાને હેત કરી જવાબ આપ્યો. સૌએ નિરાંતે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યા પછી બેસીને વાતો કરતા હતા, ત્યાં જ સમીરની પત્ની સીમા ઘરમાંથી જામનગરની બાંધણીના, કેરીબેગનાં પેકેટ લઈને આવી. વાસંતીએ સમીર પાસે, ઉપર લખાવેલા નામ પ્રમાણે જાનકીભાભી, ગાયત્રી, ભગુભાનાં પત્ની જયશ્રીબા, ધારા વહુ અને મલ્લિકાને આપ્યાં. બાળકોને ચોકલેટ્સ અને ડ્રોઈંગનાં સાધનો આપ્યાં. ત્યારે જ મનહરે પત્ની ગાયત્રીને ઈશારો કર્યો એટલે ગાયત્રી સમજી ગઈ, અને પૂછયું.

''વાસંતી, તારે મનહર પાસે, એક વસ્તુ માંગવાની બાકી છે, યાદ છે ?'' સૌ કોઈ આશ્ચર્યથી જોઈ રહ્યાં.

''ના, મને કાંઈ યાદ નથી !'' ''યાદ કર વાસંતી. લે હું યાદ કરાવું તને.'' કહીને, ગાયત્રીએ સાવ પાસે જઈને લગભગ કાનમાં જ વાસંતીને કહ્યું, ''વાસંતી, તેં મનહરને આપેલી અત્તરની શીશીનાં બદલામાં મનહરે તને, તું માગે તે આપવાનું કહેલું, તે યાદ નથી તને વાસંતી વાયરા ?''

સાંભળતા જ વાસંતી, એકાએક ગાયત્રીને ભેટી પડી અને પછી રડવા લાગી ગઈ. અને વિચાર આવી ગયો કે મનુએ પૂરી વાત પત્ની ગાયત્રીને જણાવી હોય તો જ એણે વાસંતી વાયરાનો ઉચ્ચાર કર્યો હો . થોડી વાર પછી પુત્રો, કુટુંબ અને જાનકીભાભી જેવાં વડીલોની હાજરીનો અહેસાસ થતાં સ્વસ્થ થઈ વાસંતી બોલી, ''અરે હા, યાદ આવ્યું, ભણતાં ત્યારે, કુસુમે મારા માટે લીધેલી અત્તરની શીશી મેં મનુને આપી દીધી હતી. એ વખતે મનુએ કહેલું કે, તારે શું જોઈએ છે, મેં કહેલું, પછી કોઈ વાર હું માંગીશ એ યાદ આવ્યું.'' વાસંતીએ ,ચાલાકીથી કુસુમના નામે ફેરવીને કહેલી વાત ફકત મનુ, ગાયત્રી કે ભગુભા જ સમજયાં.

''જે માંગવું હોય તે માંગી લે વાસુ, મનુભાઈ તો હવે ખમતીધર છે.'' ભાભી હોવાના નાતે, જાનકીભાભીએ મશ્કરીનાં ભાવથી કહ્યું. વાસંતીએ સૌ સામે એક નજર નાખી, પણ આંખથી જાણે મનુને પૂછતી હતી કે, ''બધાની હાજરીમાં હું શું માંગું તારી પાસે મનુ ?'' થોડી વાર વિચાર કરીને, એકાએક બોલી, 'આ તારી જૂની સાઈકલ મને આપતો જા મનુ, ભવિયમાં સમીર અને વિશાલનાં બાળકો આ સાઈકલ ચલાવશે, ત્યારે એમને હું એની વાતો, કહીશ.'' સાંભળતાં જ સોપો પડી ગયો. મલ્લિકા વાસંતી આંટીની માગણી સાંભળી ઉદાસ થઈ ગઈ. એણે પાપા અને મમ્મી સામે જાયું ત્યારે બન્નેએ માથું હલાવી મંજૂરી આપી. ''વાસંતી આંટી, તમે ભલે આ જૂની સાઈકલ માંગી પણ મારી એક ઈચ્છા પૂરી નહીં કરો, પ્લીઝ?''

''બોલને દીકરી. હવે તો તું પણ મારી દીકરી છો, કઈ મા પોતાની દીકરીની ઈચ્છા પૂરી ન કરે ! શું ઈચ્છા છે તારી?''

''તમે ને મારા પાપા આ સાઈકલ પર બેસીને સ્કૂલે જતાં હતાં એમ મારાનાં પાપાની પાછળ બેસીને મને એક ફોટોગ્રાફ લેવા દ્યો, એ મારી ઈચ્છા છે.'' સાંભળીને બધાં આશ્ચર્ય સાથે હસી પડયાં. મનહર થોડો ક્ષોભ અનુભવતાં પત્ની ગાયત્રી સામે જોયું, એણે ઈશારાથી હા પાડી, પરંતુ વાસંતીને સંતાનો અને જાનકીભાભીની હાજરીમાં સંકોચ થતો જાણીને ગાયત્રીએ હાથ પકડી આગળ કરી. વાન પરથી સાઈકલ ઉતારી, મલ્લિકાએ બન્નેને બેસાડી ફટાફટ ફોટો પાડયો, ત્યારે ગાયત્રીએ તાલી પાડી, એની સાથે જ સૌએ તાલીઓ પાડીને સમીરનાં જન્મદિવસને યાદગાર બનાવી દીધો.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

---

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોક્સ

# બાલ એક્સપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

---

## ભાતીગળ સૌરાષ્ટ્ર

# અમરેલીમાં સાહિત્ય પરિષદનું ૧૪મું જ્ઞાનસત્ર



જ્ઞાનસત્રનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલા આર. કે. ત્રિવેદી

વર્ણનો અને દ્રશ્યોમાં ભરીભરી સર્જકતા રહેલી છે અને આશ્ચર્ય પમાડે તેવું ભાષાબળ રહેલું છે. ગોવર્ધનરામ નવલકથા વિશે, રૂપ, અને પ્રયોજન વિશે, ભાષા વિશે ઘણે અંશે સ્પષ્ટ હતા. પણ ચિંતક ગોવર્ધનરામ, નવલકથાને ઘણી બધી રીતે કળાનાં માર્ગેથી ફંટાવી દે છે. સામગ્રીમાંથી અપેક્ષિત રૂપ બંધાતું નથી. છતાંય તેમણે પાડેલી પગલીઓ સાચી દિશાની હતી.

પછીનાં ગાળામાં કટાક્ષ–કથનકલાની લાક્ષણિકતા દાખવતી નવલકથા 'ભદ્રંભદ્ર' મળે છે. તેનાં પૂર્વાધમાં કળાગત પરિણામ સારું મળે છે પણ ઉતરાર્ધમાં કૃતિ લથડે છે. નવલકથાનો નવો ચહેરો ઉઘડે છે પણ સ્પૃહણીય રૂપ મળતું નથી. ત્યાર બાદ મુનશી સુધીના લેખકો તરફથી સરસ્વતીચંદ્રનું નબળ ું અનુકરણ અથવા કળાહીન પ્રયત્નો મળે છે. રૂપનિર્મિત પરત્વે કશો નવો ઉન્મેષ પ્રગટતો નથી.

મુનશીનું આગમન અમુક અંશે નોંધપાત્ર બની રહે છે. સરસ્વતીચંદ્ર કરતાં આલેખનપદ્ધતિ બદલાઈ, નવલકથાનો મેદ ઉતર્યો પણ મુનશી કથનની સરસતા સિદ્ધ કરવાને બદલે 'વાર્તારસ' ઉપર જ અટકી ગયા. બે સામાજિક નવલકથા પછી તેઓ ઐતિહાસિક નવલકથા તરફ વળ્યા. નવલકથાનો વિષય બદલાયો પણ રૂપનિર્માણ પરત્વે કોઈ નવ્ય પરિણામ મળતું નથી. 'રોમાન્સ'નાં માપદંડે પણ ઘણી કૃતિઓ ઉણી ઉતરે છે. નાટ્યતત્વ કથારસ ઉમેરાય છે પણ ગોવર્ધનરામ જેવું સંસ્કૃતિદર્શન નથી. પાત્રોની રેખાઓ ઘાટીલી નથી. અનેકસ્તરીય ભાષાછટા નથી.

યુગમૂર્તિ વાર્તાકાર ર.વ. દેસાઈએ સમકાલિન સામાજિક વાસ્તવને પસંદ કર્યું. નવા વિષયવસ્તુ–સામાજિક વાસ્તવનાં સંદર્ભને સબળ કળારૂપ નથી મળ્યું. યુગની સપાટી પર છબછબિયાં કરતી ભાવનાઓ અને પ્રસંગો જ મળે છે અને આદર્શના વળગાડવાળાં પાત્રો આચાર્ય, મેઘાણી, રંજનધર્મી લેખકો હોવાથી કોઈ રૂપવિકાસની દ્રષ્ટિએ કોઈ નવા સ્થિત્યંતરો આપી શકયા નથી.

મનુભાઈ પંચોળી 'દર્શક' 'દીપનિર્માણ' અને 'સોક્રેટિસ'ને ઈતિહાસની પીઠિકા ઉપર ઘણી બધી આકર્ષકતા સાથે ખીલવે છે. 'ઝેર તો પીધાં જાણી જાણી'માં ઘણા બધા કળ ામય અંશો છે પણ ભાવનાઓ, ઉચ્ચાસયો કળામાં રૂપાંતરિત થતાં નથી, પણ વળગાડ બનીને આવે છે. રંગદર્શી વલણની ક્યારેય અતિરેકતા થાય છે.


પન્નાલાલનું આગમન શકવર્તી રહે છે અને નવતર દિશા તરફ નવલકથા વળે છે. અહીં નવલકથાના રૂપનું સંમાર્જન અને સંવર્ધન થાય છે. વિષય અને શૈલી એકબીજા સાથે ઓગળી જાય છે. લોકબોલીનું કૌવતભર્યું રૂપ જોવા મળ ે છે. પન્નાલાલ પાત્રોનાં ચિત્તનાં અત્તલ ઉંડાણને, શકયતાઓને અવલોકે છે. સજીવ બનાવે છે અને સંયોજનની પ્રક્રિયાનો અનુભવ કરાવે છે. પેટલીકર, પીતાંબર, મડિયા રૂપવિકાસનાં નવા પરિમાણો ઉભાં કરી આપતાં નથી. જયંતી દલાલની 'વીમુ અને વિભા' નોંધપાત્ર રહે છે.

પશ્ચિમના સાહિત્ય પરિશીલનથી અસ્તિત્વવાદની વિચારસરણીનાં અંશોવાળી નવલકથા મળે છે. **(ક્રમશઃ)**

---

**બાલમિત્રો,**

આપણે કેવા સુખી, સંપન્ન છીએ ? ન ખાવાની, ન રહેવાની, ન કપડાંની, ન ભણવાની ચિંતા. બધું માબાપ તમને હાજર કરી દે છે. અઠવાડિયે, ૧૫ દિવસે, વેકેશનમાં હરવા ફરવા લઈ જાય. નવુંનવું બતાવે, ખવડાવે પીવડાવે કેવી મજા છે ? માગો તે મળે. કોઈ જાતની ચિંતા, ટેન્શન નહિ. પણ તમે કયારેય એવું વિચાર્યુ છે કે આપણી સિવાય એક એવી દુનિયા છે, જગત છે કે જયાં, જેમાં અનાથ બાળકો છે, ભીખ માંગતાં લોકો ને બાળ કો છે. એની કરતાં એમને રહેવા મકાન, છાપરું નથી, ખુલ્લામાં ઠંડી, વરસાદ, તાપમાં પડયાં રહે છે. મળે તો ખાય નહિતર ભૂખ્યા સૂઈ જાય. તો કેટલાંક ચોરી કરીને ઝૂંટવીને પેટ ભરતાં હોય છે. એનાથી પણ બીજી દુનિયા છે અને તે વિકલાંગોની, દિવ્યાંગોની, જેનાં અંગો કામ કરતાં નથી, પોલિયો હોય, દિવ્યાંગ કામ ન કરતું હોય, આંખો ન હોય, બહેરાં–મૂંગા હોય. તો કોઈનાં પગ–હાથ ચાલતાં ન હોય. આવા બાળકોને જોયાં છે ! જોઈને શું તમારા દિલમાં કયારેય કરુણા થઈ છે ! એમ વિચાર્યુ છે કે એમના કરતાં તો આપણે ઘણાં સુખી અને સ્વસ્થ છીએ. જેમની પાસેથી કુદરતે કંઈકને કંઈક છીનવી લીધું છે એવાં લોકો, બાળકો પ્રત્યે દયા, માયા, કરુણા દાખવવી એ આપણી ફરજ છે. આપવાને જે મળ્યું છે એમાંથી થોડું પણ તેમને આપતાં શીખવું જોઈએ. મારી વાત માનો છોને બાળમિત્રો ?



---

# કેક અને રોટલી

**– પ્રકાશ ડી. કુબાવત**

પશા પટેલે આ વખતે તેની વાડીમાં ઘંઉ વાવ્યાં હતા. પાક પણ ઘણો સારો થયો હતો. હવે પશાપટેલે ઘંઉ વેચવા કાઢયાં હતાં. રોજ તેની વાડીમાં લોકો ઘંઉ ખરીદવા આવતા.

આજે પશાપટેલની વાડીએ વિનોદભાઈ બેકરીવાળા ઘંઉ ખરીદવા આવ્યા. ઘંઉ તેને ખુબ જ ગમી ગયા. ૧૦૦ મણ ઘંઉ તેને ખરીદ કર્યા અને તેનો નોખો ઢગલો કરાવ્યો.

થોડી વાર પછી નટુભાઈ ઘઉ જોવા આવયા. નટુભાઈ ગામનાં કુંભાર હતા. તેની આર્થિક સ્થિતિ સાધારણ હતી. ઘઉ જોઈ તેને ૧૦ મણ ઘઉનો ઓર્ડર આપ્યો. ઘઉ જોખી તેનો અલગ ઢગલો કરાવ્યો.

વિનોદભાઈ અને નટુભાઈ કાલે ઘઉં લઈ જવાનાં હતા. વિનોદભાઈના ઘઉ અને નટુભાઈનાં ઘઉનો ઢગલો પાસે –પાસે હતો.

રાત્રે વિનોદભાઈના ઘઉએ અભિમાનથી નટુભાઈનાં ઘઉને સંબોધીને કહયું કે, –મારામાથી તો કેક બનશે. શ્રીમંતોના બાળકો અમને હોંશથી ખાશે. અમને કેટલું મળશે ! અમે તો બહુ નસીબદાર છીએ.


અમારા ઉપર ક્રિમ લગાડવામાં આવશે. અમારી શોભા ખુબ વધી જશે. તમારી પાસે હશે અમારા જેવું સુખ ?" નટુભાઈનાં ઘઉએ કશો જવાબ ન આપ્યો.

બીજા દિવસે વિનોદભાઈ અને નટુભાઈ પોતપોતાનાં ઘઉ લઈ ગયા.વિનોદભાઈએ સાચે જ તે ઘઉનાં લોટમાંથી કેક બનાવી. શહેરનાં પ્રખ્યાત વકીલ પંકજભાઈનાં પુત્ર માધવનાં જન્મદિવસે હોટલમાં એક પાર્ટી રાખવામાં આવી.આ પાર્ટીમાં કેક કાપવામાં આવી. પંકજભાઈ પ્રખ્યાત વકીલ હોવાથી કેક દસ કિલોની બનાવી હતી. પણ પાર્ટીમાં માણસો ઓછા આવતાં પાંચેક કિલો જેવી કેક વધી.

માધવ બધાને કેકનો એક એક ટુકડો આપતો હતો. બધા પ્રેમથી કેક ખાતા હતા.પોતે કેક રૂપે બન્યા એનો એને અન્હદ આનંદ થતો હતો. તેને નટુભાઈના ઘઉ ઉપર દયા આવતી હતી. તે તો બિચારા રોટલી જ બનશે. નટુભાઈ ગરીબ હોવાથી રોટલી પર ઘી પણ ચોપડશે નહીં. જયારે અમારી ઉપર તો અહીં કેવી મજાની ક્રિમ છે !

આવું વિચારતા હતા ત્યાં તો કેકનો એક કટકો લઈ માધવનાં ચહેરા પર તેના મિત્રો ચોપડવા લાગ્યા. કેક ચોપડવાની શરૂઆત કેયુરે કરી પછી તો બધા મિત્રો માધવનાં આખા શરીર પર કેક ચોંપડવા લાગ્યા.

કેકને તો આ જરાય ન ગમ્યું. તેની તો આખી શોભા જ બગડી



ગઈ. તેને મુંઝારો થવા લાગ્યો. એક મિનિટ પણ તેને માધવનાં શરીર પર રહેવું ગમતું ન હતું. પણ શું થાય ?

ઘરે જઈ માધવે ન્હાયને શરીર પરથી કેકને ઘસીઘસીને દુર કરી.

પાર્ટીમાં બધા કેકનો ટુકડો ખાતા હતા. ત્યારે જે મજા કેકને આવતી હતી તે મજા માધવનાં શરીર પર રગદોડાવાથી ખતમ થઈ ગઈ. માધવનાં શરીર પર લગાવવાથી તેને ઘણું દુઃખ થયું.

પાર્ટી પુરી થતા બીજા દિવસે વધેલી કેકને મોટી કચરાપેટીમાં નાખી દેવામાં આવી. અહી એટલી બધી ગંદકી હતી કે તે સહન કરવી તેને માટે માથાનો દુઃખાવો સાબિત થયો. બગડેલી કેકને કોઈ રેઢીયાળ પશું પણ ખાતું ન હતું.

થોડો વખત થયો ત્યાં નટુભાઈ રોટલી નાખવા માટે કચરાપેટી પાસે આવ્યા. નટુભાઈએ કચરાપેટીની બાજુમાં થોડા થોડા અંતરે બે રોટલી મુકી દીધી અને ચાલ્યા ગયા. રોટલીએ કેકને કચરાપેટીમાં જોઈ. તેની દશા જોઈને તે તો આભી જ બની ગઈ. રોટલી તો હસતી હસતી તેની જગ્યાએ બેઠી હતી.

રોટલી કહે કે, 'નટુભાઈ મારૂ ખુબ જ સન્માન કરે છે. રોજ તે ભગવાનને પ્રસાદ તરીકે મને ધરાવે છે. જમતા પહેલા મારી પુજા કરે છે અને શ્લોક પણ બોલે છે. તે અને તેના પરિવાર મને ખાઈને તેની ભુખ શાંત કરે છે.હું પણ તેને તૃપ્તિનો ઓડકાર આપે એવી મીઠાશ વેરૂં છું. અતિથિને પણ તે મારા લોટમાંથી રોટલી બનાવી જમાડે છે. ગાય અને કૂતરાનો ભાગ પણ નિયમિત કાઢ ે છે. તારી પાસે જે બે રોટલી પડી છે. તેમાંથી એક કુતરો ખાશે અને એક ગાય ખાશે. જરૂર પુરતી જ તે રસોઈ બનાવે છે. મારો કયારેય બગાડ કરતા નથી.

હું બધાની જઠરાગ્નિ શાંત કરૂં છું. અતિથિ પણ મને આશીર્વાદ આપતા જાય છે. મને મારા જીવનથી ખુબ જ સંતોષ છે. હું ગરીબોનાં પેટને શાંત કરૂં છું. કેક રોટલીને સંબોધીને કહે, 'કોઈકનું પેટ ફુલાવવા કરતા કોઈકનું પેટ ઠારવું એ ખરેખર વધુ ઉપયોગી કામ છે. ખરેખર તારૂં જીવન ધન્ય છે.'')

---

# બંગભંગ અને રાષ્ટ્રીય જાગૃતિ

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક



**સુરત અધિવેશન**

સમગ્ર દેશે તિલકની બહિષ્કાર નીતિનું 'રાજકીય અસ્ત્ર' મંજૂર કરી લીધું હતું. તિલકનાં વિરોધીઓએ નારાજ હોવા છતાં સુરતમાં ૧૯૦૭ નાં કોંગ્રેસ અધિવેશનમાં રાજકીય પ્રગતિ અને વિદેશી માલનાં બહિષ્કારનો સંકલ્પ લેવડાવ્યો હતો.

બહિષ્કાર આંદોલન એક વ્યાપક આંદોલન બની ચૂકયું હતું. કલકત્તા અધિવેશનમાં તિલકનાં ગરમદળની નીતિને બહુમતનું સમર્થન મળ્યું હતું. હવે સુરતમાં નરમદળનાં એ લોકોએ હારને જીતમાં બદલવા તત્પર હતા. તિલકે લાલા લજપતરાયનું નામ અધ્યક્ષપદ માટે સૂચવ્યું. પરંતુ નરમ દળનાં લોકો પોતાના જ માણસને એ પદ પર બેસાડવા માગતા હતા.

એમણે ડો. રાસબિહારી ઘોષનું નામ રજૂ કર્યુ. સૂરત અધિવેશનની સ્વાગત સમિતિ પર ગરમ દળનો કબજો હતો. અધિવેશનમાં ડો. રાસબિહારી ઘોષનું નામ રજૂ થયું અને તિલકને બોલાનો મોકો ના અપાયો. આ દરમિયાન ડો. ઘોષ જઈને અધ્યક્ષની ખુરશી પર બેસી ગયા આથી તિલક મંચ આવી ગયા કે જેથી પ્રતિનિધિઓને અપીલ કરી શકે. પરંતુ અધ્યક્ષે તેમને બેસી જવા કહ્યું. તિલકે એનો અસ્વીકાર કર્યો, પરિણામે નરમ દળનાં સ્વયંસેવકો મંચ પર ચડી આવ્યા. જેથી તેમને જબરજસ્તી બેસાડી શકે. પરંતુ ગોખલેએ તેઓને રોકયા, તિલક હાથ જોડીને અટલ ઉભા હતા. નરમ દળનાં લોકો તિલકને વારંવાર



બેસી જવા કહેતા હતા. તેઓ તિલકને મંચ પરથી દૂર કરવા માગતા હતા, તોફાન વધી ગયું હતું. મંચ પર સુરેન્દ્રનાથ બેનર્જી અને ફીરોઝશાહ મહેતા પણ બેઠા હતા. કોઈએ મંચ પર જોડું ફેકયું, જે મહેતાને વાગ્યું. અધિવેશનમાં ભાગદોડ થઈ ગઈ. નરમદળના લોકો ખુરશી લઈને તિલક તરફ દોડયા. અને પોલિસે મંડપમાં ઘૂસીને શાંતિ સ્થાપી.

આ બધું દંગલ કોંગ્રેસના ત્રેવીસમાં અધિવેશનમાં થયું હતું. તિલક સ્વરાજય, સ્વદેશી, બહિષ્કાર અને રાષ્ટ્રીય શિક્ષણનાં લક્ષ્ય તરફ આગળ વધતા હતા. અધિવેશનની સમજૂતિઓ અને મતભેદનાં દોરમાં પણ તિલક અચલ રહ્યાં. એમણે કેસરીમાં ગરમદળનાં નામે એક અપીલ જાહેર કરી હતી.

''બધા ભારતીયોનું લક્ષ્ય એક જ છે. પછી એવો વિચાર કરવો ય ભૂલ હશે કે એમના વિચારોમાં મતભેદ હોવાને કારણે એમનામાં પરસ્પર સહયોગ સાધી ના શકાયો. બ્રિટીશ સંસદમાં રેડિકલ સોશ્યાલિસ્ટ અને ડેમોક્રેટ લોકો છે. એમના વિચારોમાં પરસ્પર તાલમેળ નથી. છતાં જયાં દેશનું સામાન્ય હિત સામે આવે છે, ત્યાં તેઓ પરસ્પરનાં મતભેદ ભૂલીને એક થઈ જાય છે. આ વાત આપણી નજરે જ જોયા પછી આપણે એ કેવી રીતે કહી શકીએ કે નેશનલ કોંગ્રેસમાં કેવળ એક જ વિચારધારાની વ્યકિતઓને સ્થાન પાય ? શું આનાથી એ જાહેર નથી થતું કે આમાં ઉદારતાની કમી છે ? આપણા રાજકરણીઓનું કર્તવ્ય છે કે સામાન્ય લક્ષ્ય તરફ આ ગ વધવા માટે વિભિન્ન વિચારધારાઓ ધરાવતા લોકોનો સ યોગ મેળવવામાં આવે. આપણા આદર્શોમાં ભલે ગમે તેટલો ફરજ હોય, નરમ હોય કે ગરમ, બંને દળોએ મળીને કોંગ્રેસનું કામ કરવું જોઈએ.''

તિલક તો દેશ પર છવાઈ ગયા હતા. એમની ઓજસ્વી વાણી સાંભળીને જ જનસાગર હિલોળા લેવા લાગ્યો હતો. એમણે કહ્યું, ''અંગ્રેજોને ભારત પર આજે હવે ૯૦ વર્ષ કરતાં પણ વધુ સમય થઈ ગયો છે. આપણે આજે એ વિચારવા એકઠાં થયાં છીએ કે આપણી હાલત ત્યારથી અત્યાર સુધી કેટલી બદલાઈ છે. આણે જોઈએ છીએ કે આપણી દશા સુધરવાને બદલે વધારે બગડી છે, ગરીબી આપણા પર સવાર થઈ ગઈ છે. એનું કારણ શું છે ? પહેલાં આપણા શાસક હિંદુ કે મુસલમાન હતા. તેઓ બંને પોતાની પ્રજાનાં કલ્યાણની ચિંતા કરતા હતા. જો શાસક પોતાના શાસિતોનાં કલ્યાણની ચિંતા ના કરે, તો એને પ્રભુ કેવી રીતે કહી શકાય ? એ વાત ઠીક છે કે જનતાએ રાજા વિરૂદ્ધ રાજદ્રોહ કરવો ના જોઈએ, પરંતુ એ કયાં સુધી યોગ્ય ગણાય કે રાજા પોતાની પ્રજાનો વિશ્વાસઘાત કરે ? જો રાજા એવું કરે, તો એ કર્તવ્યચ્યુત થઈ ગયો છે.''

---

# એક ડોકટરનો અનુભવ

ડબ્બામાં બેઠેલા પેલા ડોકટર મહારાજની વાત ધ્યાનથી સાંભળી રહ્યાં હતા. તેઓ બોલી ઉઠયા.

''તમાકુનું સેવન કરનાર અને એનાથી બચીને રહેનારનાં શરીરનાં બળ અને આરોગ્યમાં કેટલો તફાવત હોય છે તે જાણવા મારો પોતાનો એક અનુભવ સાંભળો.

જયારે હું ડોકટરી ભણતો હતો ત્યારે મારા ગૃપમાં અમે કુલ ૧૪ વિદ્યાર્થીઓ હતા. મારા સિવાયનાં બીજા બધા બીડી–સીગારેટ પીતા હતા. એક દિવસ અમારા પ્રોફેસર એક સાધન લાવ્યા, જે સાધન વડે દરેક વિદ્યાર્થીઓનાં ફેફસાંમાં વધારેમાં વધારે કેટલી હવા ભરાઈ શકે છે, તેનું માપ કાઢવાનું હતું. વારાફરતી દરેક વિદ્યાર્થીએ શકિત પ્રમાણે ઉંડો શ્વાસ લઈ તે સાધનની નળીમાં જોરથી હવા ફૂંકી અને દરેક ફૂંકેલી હવાનું માપ નોંધ્યું. મારા સિવાયના બાકીનાં બીડી પીનારા વિદ્યાર્થીઓમાં વધારે હવા ફૂંકનાર વિદ્યાર્થી ૨૫૦૦





ઘ.સે.મી.(૧૫૨.૬ઘ.ઈ.) હવા ફૂંકી શકયો હતો અને ઓછામાં ઓછી હવા ફૂંકનાર વિદ્યાર્થીએ ૧૭૫૦ સે.મી. હવા ફૂંકી હતી. મેં ફૂંકેલી હવાનું માપ ૩૫૦૦ ઘ.સે.મી.(૨૧૩.૬ઘ.ઈ.) હતું. અમારા ગૃપમાં મેં સૌથી વધારે–ઘણી વધારે–હવા ફૂંકી હતી. અત્યારે પણ હું ૩૬૦૦ ઘ.સે.મી. હવા ફૂંકી શકું છું. તેનું કારણ એ જ કે મેં મારી આખી જિંદગીમાં બીડી–તમાકુ પીધી નથી. આ જોઈ મારા પ્રોફેસર સાહેબ ખુશ થઈ ગયા. તેમણે સર્વે ડોકટર વિદ્યાર્થીઓને કહ્યું કે બીડી પીવાથી ધુમાડો ધીમે ધીમે ફેફસામાં જામતો જાય છે તેથી ફેફસામાં હવા સારી રીતે ભરી શકાતી નથી અને લોહી સારી રીતે શુદ્ધ થતું નથી, પરિણામે અનેક રોગો થાય છે. તમાકુ–બીડીનાં વ્યસનીઓને થોડો પરિશ્રમ કરતાં જ હાંફ ચડી જાય છે.'' મહારાજશ્રીએ સંવાદનો દોર ફરીથી પોતાના હાથમાં લેતાં કહ્યું : પીએ છે તેઓને થોડે સુધી દોડાવવામાં આવે તો પણ હાંફ ચડે છે.

ધૂમ્રપાન કરવાથી આટલું બધું શારીરિક નુકસાન થાય છે એ તો સાચું છે, સાથે સાથે મારા મત પ્રમાણે ધૂમ્રપાનને લીધે ધાર્મિક અને માનસિક નુકસાન પણ થાય છે. એ પણ જરા સાંભળી લો.

---

# વાર્તા રે વાર્તા

તા. ૧૬/૭/૨૩નાં રોજ રૂપાયતન શાળામાં વાર્તા રે વાર્તામાં બાળકો મળેલાં. જેમાં મકવાણા નિકુલ, સુચક દક્ષે સુંદર બાલવાર્તા કરી, પ્રજાપતિ મિત, સમા તસ્કીન, ચૌધરી પલક, જોષી મીરલ, મકવાણા જય, પ્રજાપતિ દિક્ષીતા, રાણવા પ્રકૃતિ, અગ્રાવત ધનવીએ સુંદર ગીતો ગાયા, સોલંકી માનવ, પ્રજાપતિ મિત, ખુમાણ જીગરે સરસ ડાન્સ કર્યો. પરમાર રેશાંશી, રાઠોડ એન્જલ, ચૌહાણ નીતિએ સમૂહગીત રજૂ કર્યુ. સમગ્ર બાલ વાર્તા રે વાર્તાનું સંચાલન શ્રી રિયાબેન અગ્રાવતે સંભાળેલ. અંતમાં ત્રિશૂલની ચોકલેટ ખાઈ છૂટા પડયાં.

## વિવિધ પ્રકારનાં વિચારો ને તેમના પર વિજય

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૧. નિરાશાવાદી વિચારોને દૂર કરો**

તમારા બધા વિચારોનું બહુ જ ચીવટપૂર્વક નિરીક્ષણ કરો, ધારો કે તમારા મનમાં ગમગીન વિચારો દાખલ થઈ ગયા હોય તો તરત જ બેચેની થવા માંડશે. ત્યારે દૂધ કે ચાનો પ્યાલો લઈ લો. આંખો બંધ કરી સ્વસ્થતાથી બેસી ગમગીનીનું કારણ શોધી કાઢીને તેને દૂર કરવાનો પ્રયાસ કરો.

નિરાશાજનક વિચારો અને તેને પરિણામે ઉત્પન્ન થતી ગમગીનીને દૂર કરવાનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે પ્રેરણાત્મક વિચારો અને આનંદદાયક વસ્તુઓનો વિચાર કરો. ફરીથી યાદ રાખો કે, પ્રકાશ હંમેશા અંધારાનો નાશ કરે છે. આ કુદરતનો ભવ્ય ને અસરકારક કાયદો છે.

માટે જ અંધકાર કે નિરાશાનાં પ્રતિપક્ષી વિચારોને જ મનમાં સ્થાન આપો. જે વિચારો તમારા મનને ઉન્નત કરે તેને જ સેવો. હંમેશા આનંદી બનો. આનંદી સ્વભાવનાં ફાયદા વિચારો. આનંદ એ તમારો સ્વભાવ જ બની જવો જોઈએ.

''ઓમ આનંદ'' આ સૂત્રનું વારંવાર મનમાં રટણ કરો. ''હું આનંદમય છું.'' એમ અંતરમાં તમને ભાન થવું જોઈએ. વચ્ચે વચ્ચે આ ભાનમાં લીન થઈ હસો.

ગાવથી પણ કોઈ વાર તમે એકાએક ઉચ્ચ ભવ્ય પ્રદેશમાં ખેંચાઈ જશો. અંધકારમય નિરાશાને દૂર કરવાને માટે સંગીત ખૂબ જ ઉપયોગી છે. ખુલ્લી હવામાં દોડો આથી ગમગીની એકદમ ઉડી જશે. રાજયોગીઓની આ પ્રતિપક્ષી ભાવના કરવાની પદ્ધતિ બહુ સરળ અને સહેલી છે. નિરાશાને આપણી શકિતના બળ થી પરાણે હાંકી કાઢવાની રીતમાં મનને બહુ શ્રમ પડે છે, છતાં તે ઘણી અસરકારક છે. તેમાં તીવ્ર ઈચ્છાશકિત ને નિશ્ચયાત્મક મનોબળની જરૂર પડે છે. સામાન્ય લોકોની શકિત બહારની આ વાત છે. ત્યારે નકારાત્મક અધમ વિચારોને દૂર કરવા માટે તેના પ્રતિપક્ષી ઉન્નત વિચારોનું સેવન કરવું એ સહેલું છે. આથી ઘણા થોડા સમયમાં અનિચ્છનીય વિચારો મનમાંથી દૂર હટી જશે. આને અમલમાં મુકી જુઓ થોડો સમય નિષ્ફળતા મળે તો પણ હિંમત હારો નહિ. થોડા પ્રયાસે તમે જરૂર સફળ થવાના જ.

આ જ પ્રમાણે તમે બીજા નકારાત્મક વિચારોને લાગણીઓને પણ દૂર કરી શકો. જો ક્રોધનો આવેશ આવ્યો હોય તો પ્રેમનો વિચાર કરો. જો ઈર્ષાના વિચારો આવતા હોય તો દયાને ઉદારતાનાં વિચારોને મનમાં સ્થાન આપો. જો નિરાશા છવાતી હોય તો થોડા સમય અગાઉ તમે જોયેલ કોઈ ભવ્ય કુદરતી દ્રશ્ય અથવા પ્રેરણાજનક લખાણનો વિચાર કરો.

જો તમારું હૃદય કઠોર હોય તો દયાનો વિચાર કરો. જો કામવાસનાં હોય તો બ્રહ્મચર્યનાં ફાયદાઓનો વિચાર કરો. જો અપ્રમાણિતાનો વિચાર કરો. જો લોભ ઉત્પન્ન થાય તો દાનને દાનવીર પુરુષોનો વિચાર કરો.

મોહનાં આવેશમાં વિવેકને આત્માનો વિચાર કરો. અભિમાન આવતા નમ્રતાનો વિચાર કરો. દંભ વખતે તેનાં વિરોધી સરળ તાને નિષ્કપટતા તેમજ તેના મહાન ફાયદાઓનો વિચાર કરો. ઈર્ષા થાય ત્યારે ઉદારતાને મહાનુભાવના બતાવો ભયને સમયે હિંમત રાખો.

આવી રીતે તમે બધા નકારાત્મક હલકા વિચારોને દૂર કરી મનને ઉન્નત બનાવી શકશો. પણ આમાં સતત અભ્યાસની જરૂર છે. તમારા મિત્રોની પસંદગીમાં પણ ખૂબ સાવચેત રહો. વગર પ્રયોજને બોલ બોલ કરો નહિ. માત્ર જરૂર પૂરતું જ બોલો.

**૨. મનમાં ઘૂસી ગયેલા વિચારો પર વિજય**

વિચાર પર કાબૂ મેળ વવાનાં પ્રયાસમાં શરૂઆતમાં તો ખૂબ મુશ્કેલી નડશે. તમારે તેમની સામે ઝઝૂમવું પડશે. તેઓ પોતાનો અડો જમાવી રાખવા માટે પોતાથી બનતું બધું કરશે. તેઓ કહેશે, ''મનનો આ પ્રદેશ અમારી જન્મભૂમિ છે. તેના પર અમારો એકલાનો જ અનાદિ કાળથી ઈજારો છે. અમે તેને ખાલી કરવાના જ નથી. અમે અમારા જન્મસિદ્ધ હક માટે છેવટ સુધી લડીશું.'' **(ક્રમશઃ)**

# મોટા ભાગે વર્ષાઋતુમાં જ જોવા મળતું પક્ષી : બપૈયો



કદમાં કોયલથી નાનો અને રાખોડી રંગ, ગરદન ઉપર આછો મેંદીયો,પેટાળ પર રાખોડી ધોળો અને અંદર કથ્થાઈ મેંદીયા લીટા જોવા મળે છે. પુંછડી પહોળી પટ્ટાદાર અને તેની ઉડાન શકરાને મળતી આવે છે.


આથી બપૈયો જયારે ઉડે છે. ત્યારે બીજા નાના પક્ષીઓ ભયસૂચક અવાજ કરે છે. તે ભારતનાં મોટાભાગનાં દેશોમાં, છેક હિમાલયમાં ૮૦૦ મી સુધી પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં પણ જોવા મળે છ. વર્ષાનાં સમયમાં રાતનાં પે 'પીપીહ પી પીહ' તેવો અવાજ સતત ૫ થી ૬ વખત કરે છે.

આ પણ કોયલ કુળનું પક્ષી હોય માળો બાંધવામાં માનતુ નથી, તે લલેડાનાં ખુલ્લા વાટકા જેવા માળામાં, લલેડાનાં ઈંડા જેવા જ ભુરા રંગનાં ઈંડા મુકી દે છે.


પોતાનાં ઈંડા લલેડાનાં માળામાં મુકવા માટે તે પોતાનાં રંગ અને ઉડાનનો ઉપયોગ લલેડાને ડરાવવા માટે કરે છે. તેને દુરથી ઉડી આવાતો જો લલેડુ પોતાનો માળો મુકી ભાગી જાય છે. ત્યારે તે પોતાનું ઈંડુ તેમાં મુકી દે છે. તે માર્ચથી જુન માસમાં ઈંડા મુકે છે.

**(મોકલનાર)**
**તળશીભાઈ મો. પટેલ**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૭૧. જયારે ધ્યાન કરતાં મન ચંચલ બને ત્યારે પરમાત્માના નામનું વારંવાર કિર્તન કરો.

૭૨. વાણી કિર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે.

૭૩. ભગવાનનાં ધ્યાનમાં તન્મયતા ન થાય તો સંસારનું ધ્યાન થશે, તે છોડવાનો પ્રયત્ન કરો.

૭૪. ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નહીં પણ સંસારને, કોઈ સ્ત્રીને તો જરૂર ધ્યાનમાં લાવશો નહીં.

૭૫. મંદિરનાં ઓટલા ઉપર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે.

૭૬. ભગવાન મારું કામ કરે તેવી અપેક્ષા ન રાખો.

૭૭. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે.

૭૮. ભગવાન પાસે કાંઈ માંગશો નહી.

૭૯. ઠાકોરજીને નિત્ય સાથે રાખશો, તો જ જયા જશો ત્યાં ભકિત કરી શકશો.

૮૦. તમારું સર્વસ્વ ભગવાનને અર્પણ કરો.

# જ્ઞાનમંજરી

**ગુજરાતની જયોત**

**નદી પર વસેલા નગરો**

૧. મોરબી શહેર કઈ નદી પર વસેલું છે ?
– મચ્છુ
૨. હિંમતનગર કઈ નદી પર વસેલું છે ?
– હાથમતી
૩. સોમનાથ નજીક કઈ નદી આવેલી છે ?
– હિરણ
૪. વડોદરા કઈ નદી પર વસેલું છે ?
– વિશ્વામિત્રી

**ગુજરાતની જયોત**

૧. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક કોણ છે ?
– સ્વામી સહજાનંદ
૨. આર્યસમાજનાં સ્થાપક કોણ છે ?
– સ્વામી દયાનંદ સરસ્વતી
૩. કયાં સંતે વીરપુરમાં સદાવ્રત શરૂ કરાવ્યું ?
– ભકત જલારામ
૪. વેદમંદિરની સ્થાપના કોણે કરી ?
– સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી
૫. ચુનીલાલ આશારામ ભગતનું ઉપનામ જણાવો.
– શ્રી મોટા

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## જે પોષતું તે મારતું, એવો દિસે ક્રમ કુદરતી !

પરમાત્માએ પૃથ્વી પર અનેક પ્રકારની ચિત્ર–વિચિત્ર સજીવ સૃષ્ટિ સર્જી. પગ વગરના સાપથી માંડી અનેક પગવાળા કાનખજૂરા જેવા જીવોનું સર્જન કર્યું અને મનુષ્યને ઘડીને તો હાથ ધોઈ નાખ્યા. સર્વ સજીવોમાં માનવ સર્વોતમ મનાયો કારણ, પરમાત્માએ તેને સર્વાધિક બુદ્ધિ અને વાણીનું વિશેષ દાન કર્યું.

.... પણ માનવી બુદ્ધિ અને વાણીનાં વરદાનને પોતાનાં અંગત સ્વાર્થ અને હિત માટે જ ઉપયોગ કરતો રહ્યો, વિસંગતતા–વિસંવાદિતાનું કદાચ આ જ એકમાત્ર મુખ્ય કારણ લાગતું નથી ?


# હસવાની મનાઇ છે : જોક્સ

(૧) પપ્પા : પપ્પુ, તું ખોટુ કેમ બોલ્યો કે પરીક્ષામાં પાસ થયો છે ? તારી માર્કશીટમાં તો 'નાપાસ' લખ્યું છે.,
હું તારી ઉંમરનો હતો ત્યારે કયારે ખોટું બોલતો ન હતો.
પપ્પુ : તો પપ્પા, તમે ખોટું બોલવાનું કયારથી શરૂ કર્યુ હતું ?

(૨) શિક્ષક : એ ફોર ?
દિપુ : એપલ
શિક્ષક : જોરથી બોલ
દિપુ : જય માતાજી

(૩) ગોપી : બંપી, તુન જમ્યા પછી મોઢુ સાફ નથી કરતી ? તારૂં મો જોઈને મને ખબર પડી ગઈ કે તું આજે શું જમી છે ?
બંપી : તો બોલ ફટાફટ, હું શું જમી છું ?
ગોપી : ઈડલી સંભાર
બંપી : અરે સાવ ખોટું, એ તો મેં ગઈકાલે ખાધુ હતું.

# રાણી લક્ષ્મીબાઈ



– શશિ શર્મા

**ભાગ– ૨૮**

રાણી ઝાંસીથી જતાં જ અંગ્રેજોનો વિરોધ કરનારૂ કોઈનાં રહયું, તરત જ આખા નગર અને કિલ્લા પર તેમનો અધિકાર થઈ ગયો. એમનાં મનમાં બદલો લેવાની આગ ભડકી રહી હતી. ઝાંસીનાં નિર્દોષ લોકો પર અત્યાચાર થવા લાગ્યા. ચારે બાજુ હત્યાકાંડો, લૂંટફાટ અને આગનાં દ્રશ્યો સર્જાયા. કહે છે કે અંગ્રેજોએ એ સમયે લગભગ ૧૫,૦૦૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. કરોડોની સંપતિ લૂંટી લીધી હતી અને શહેરનાં અનેક ભાગોને સળગાવીને રાખ કરી દીધા હતા.

આ રીતે તેઓ ઝાંસીમાં લૂંટફાટ કરતા રહયાં. સોનું, ચાંદી, હીરા, પન્ના, મોતી, મૂંગા જે હાથમાં આવ્યું તે લઈ ગયા. ઘરોમાં પણ કશું બાકી ના રહયું. બીજે દિવસે હૈદરાબાદનાં સિપાઈઓ લૂંટફાટ કરવા શહેરમાં ઘૂસ્યા, એ લોકોએ કપડાની લૂંટ ચલાવી. બે–ત્રણ મકાનોની વચ્ચે હાથી ઉભો રાખતા, એના પર ગાદલાં – ગોદડા, વસ્ત્રો, ગાલીચા વગેરે લાદીને લઈ જતા. એમણે અનાજની પણ ભારે લૂંટ ચલાવી હતી. એ ઉપરાંત જેમાં અનેક વિષયો પર દુર્લભ ગ્રંથો એકઠા કરાયા હતા તે ઝાંસીનાં પ્રસિદ્ધ પુસ્તકાલયને પણ લુંટીને અંગ્રેજોએ નેસ્તનાબુદ કરી નાખ્યું.

સતત સાત દિવસ સુધી આ લૂંટફાટ ચાલુ રહી. લૂંટનો બધો માલ એકઠો કરી તેની હરાજી કરાઈ. હાથી, ઘોડા તથા યુદ્ધનો સામાન અનેક રાજાઓએ ખરીધો. આ રીતે અંગ્રેજો ઝાંસીનું બધુ ધન લઈ ગયા. કહે છે કે મૃત લોકોનાં શબોને અગ્નિદાહ આપવા લાકડાં પણ રહ્યાં નહોતા. દરવાજા –ચોખટો વગેરે તોડીને લાશોને સામૂહિક રીતે અગ્નિસંસ્કાર અપાયો હતો. ઝાંસી માટે એ બહુ ખરાબ દિવસો હતા. આ રીતે ૧૭ દિવસનાં યુદ્ધ બાદ ઝાંસી પર અંગ્રેજોનો અધિકાર થઈ ગયો.

રાણીને હવે કાલપી પહોંચવાનું હતું. ઝાંસીથી એ સ્થળ લગભગ સો માઈલનાં અંતરે આવેલું હતું. આ રસ્તાની રાણીને રંગેરંગ જાણ હતી. રસ્તો કઠિન હતો, પણ રાણી સતત આગળ વધી રહયાં હતા. જેટલું જલદી બની શકે એટલું જલદી તેઓ અંગ્રેજોની પહોંચમાંથી બહાર નીકળી જવા માંગતા હતાં. સવારે રાણી પઢૂન નદીનાં કિનારે પહોંચી ગયાં.

પેલી તરફ અંગ્રેજોને ખબર પડી ગઈ હતી કે રાણી કિલ્લામાંથી નીકળી ગઈ છે. જનરલ હ્યુરોજે લેફ્ટનેન્ટ બેકરને રાણી પાછળ દોડાવ્યો. બેકર રાણીનો પીછો કરતાં કરતાં પોતાની ફોજ સાથે નદીનાં કિનારા સુધી આવી ગયો. બંન્ને વચ્ચે ભીષણ યુદ્ધ થયું. બેકર ઘાયલ થઈ ગયો હતો. એને પાછા ઝાંસી દોડી જવું પડયું.

# ભગવાન બુદ્ધની અપૂર્વ પ્રતિમા

અવુકાનાં પ્રતિમાં એ બુદ્ધની ઉભી પ્રતિમા છે જે ઉત્તર મધ્ય શ્રીલંકાનાં કેકીરવામાં આવેલી છે. ૪૦ ફીટ ઉંચી આ પ્રતિમા પાંચમી સદીમાં વિશાળ ગ્રેનાઈટનાં પથ્થરમાંથી કોતરી કાઢવામાં આવી હતી. તે અભય મુદ્રાનાં એક ભિન્ન સ્વરૂપને દર્શાવે છે અને ખુબ જ શુક્ષ્મ રીતે કોતરેલા વસ્ત્રો પણ ધરાવે છે.

ધાતુસેન રાજાનાં સમયમાં કોતરાયેલ આ પ્રતિમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની સ્પર્ધાનું પરિણામ છે હવે તે એક જાણીતું પર્યટન સ્થળ છે.

અવુકાનાં પ્રતિમાં ઉત્તર મધ્ય શ્રીલંકાનાં કેકીરવા નજીકના અવુકાનાં અથવા ઔકાના ગામમાં આવેલ છે. તે કાળા વેવા સરોવર નજીક અને તેની તરફ દ્રષ્ટ્રિ હોય એમ બનાવવામાં આવેલ છે. વિશાળ ગ્રેનાઈટનાં પથ્થરની એક બાજુની સપાટી પર કોતરી કાઢવામાં આવેલ આ પ્રતિમાં પથ્થર સાથે જોડી રાખવામાં આવેલ છે. જેથી તે પ્રતિમાને આધાર આપવામાં મદદ કરે. જોકે જે આસન પર બુદ્ધની પ્રતિમા છે તેને કમળનાં આકારમાં અલગથી કોતરી પ્રતિમાં નીચે બેસાડવામાં આવેલ છે.



પ્રાચીન શ્રીલંકાનાં શ્રેષ્ઠ ઉભી બૌધ્ધ પ્રતિમાઓમાં અવુકાનાં પ્રતિમાની ગણનાં થાય છે. આ પ્રતિમાં પર ગાંધાર અને અમરાવતીની મૂર્તિપરંપરાની અસર દેખાય છે. મુર્તિ પરનાં વસ્ત્ર ચુસ્ત રીતે પહેરેલા દર્શાવાયા છે. જેમાં શરીરની આકૃતિ સ્પષ્ટ થાય છે. શ્રીલંકાની બૌદ્ધ પરંપરા મુજબ જમણો ખભો આ વસ્ત્રોમાં ખુલ્લો જયારે ડાબો ખભો ઢાંકેલો છે.

ટટ્ટાર શરીરમાં ડાબા હાથ વડે ખભા સુધી ઉપર ઉઠાવેલો છે અને હથેળી ડાબી બાજુ ફેરવેલી છે. આ સ્થિતિને આશિષ મુજ્ઞા કહે છે જે અભય મુદ્રાનો જ એક ભિન્ન પ્રકાર છે.

આ પ્રતિમાં જેવી જ એક પ્રતિમા નજીકનાં સસ્સેરૂવામાં પણ આવેલી છે. એક માન્યતા મુજબ ગુરૂ–શિષ્ય વચ્ચેની સ્પર્ધા રૂપે બંને પ્રતિમા બનાવવામાં આવેલી હતી. જેમાં જે પ્રથમ બનાવી લે તેણ ઘંટ વગાડી જાણ કરવાની હતી.

ગુરૂએ પ્રથમ પુર્ણ કરી ઘંટ વગાડયો. આથી જ સસ્સેરૂવાની પ્રતિમાં અધુરી રહી હોવાનું માનાય છે. કેટલાંક ઈતિહાસકારોને આ વાર્તા સાચી લાગી પણ તે માત્ર એક માન્યતા છે. ખરેખર સસ્સેરૂવાની પ્રતિમાં અવુકાનાની પ્રતિમા કરતા ૪૦૦ વરસ પુર્વ દેવનામ પ્રિય તિસ્સા દ્વારા બાંધવામાં આવેલી. **(મોકલનાર : આકાશ પટેલ )**

# આ મારું ચિત્ર છે


... પાણિયા પ્રાથમિક શાળાને અભિનંદન ...





**સાવલીયા લક્ષ્ય એમ.**
(ધો.૭–જાળિયા પ્રાથમિક શાળા, તા.જિ. અમરેલી.)




**ચાવડા સ્મિત વિજયભાઈ**
(ધો.૭, જાળિયા પ્રા.શાળા, તા.જિ. અમરેલી.)



**કાવ્યા વિનુભાઈ નિમાવત**
(ધો.૭–શ્રી પાણિયા પ્રા.શાળા)




**તેરૈયા અંજની એ.**
(ધો.૭, જાળિયા પ્રા.શાળા, તા.જિ. અમરેલી.)

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજ દ્વારા ફૂડ બજાર યોજાઈ



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજ દ્વારા ફૂડ બજારનું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં ધો. ૬ થી ૧૨ નાં વિદ્યાર્થીઓ અને કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા અલગ અલગ વાનગીઓ બનાવવામાં આવી હતી. સંસ્થાનાં વડા પૂ.શ્રી રતીદાદા, મંજુબા, ડાયરેકટર, મહેશભાઈ તથા આચાર્ય શીતલબેનએ બધી વાનગીઓ ટેસ્ટ કરીને બધા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે સ્કૂલનાં બધા વિદ્યાર્થીઓ અને કોલેજની વિદ્યાર્થીનીઓએ બધી વાનગીઓ ટેસ્ટ કરીને આ કાર્યક્રમને માણ્યો હતો. અને વિદ્યાર્થીઓને કઈ રીતે મેનેજમેન્ટ કરવું, નફો, ખોટ એ બાબત વિશે શીખ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર મહેશભાઈ તથા આચાર્ય શીતલબેન તેમજ સ્કૂલ, કોલેજનાં સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમારું બધુ બાળી મુક્યું

ઢસડીને લઈ ગયા. તેમણે અમને મુક્કા માર્યા. કિક મારી અને બાહોમાં દબોચી લીધી. એક માણસે અમારા ઉપરના તમામ કપડાં ફાડી નાખ્યા અને અમારા સ્તન પકડી લીધા.

પીડિતાએ જણાવ્યું કે બીજી યુવતી અને તેના નાના ભાઈએ મેઈન રોડ પર ઊભેલી પોલીસ જીપમાં ઘૂસીને બચવાની કોશિશ કરી પરંતુ ભીડે તેમને ત્યાંથી પણ ખેચી લીધા. જીપમાં બે પોલીસકર્મી અને એક ડ્રાઈવર હતા. પરંતુ તેમણે આ ઘટનાથી મોઢું ફેરવી લીધુ. પોલીસકર્મીઓએ ભીડને 'ફ્રી હેન્ડ' આપી દીધો.

પીડિતાએ કહ્યું કે પોલીસકર્મીઓએ ફ્રી હેન્ડ આપ્યા બાદ મૈતેઈ ભીડ વધુ ઉગ્ર બની અને તેમણે બીજી પીડિતાના પિતા અને ભાઈને ગુસ્સામાં મારવાનું શરૂ કરી દીધુ. તેમને એટલા માર્યા કે તેમના મોત થઈ ગયા. ત્યારબાદ તેમના મૃતદેહોને નાળામાં ફેંકી દીધા.

પીડિતાએ જણાવ્યું કે હત્યા કર્યા બાદ ભીડમાં સામેલ યુવકોએ અમને બંનેને સંપૂર્ણ નગ્ન થવા પર મજબૂર કર્યા. અમે કપડાં ઉતારવાનો વિરોધ કર્યો તો કહેવાયું કે જો નહીં ઉતારો તો તમને જાનથી મારી નાખીશું. ત્યારબાદ લોકો અમને ધકેલતા અને ઢસડતા રસ્તા કિનારે ધાનના ખેતરમાં લઈ ગયા. આ દરમિયાન આ આખી ઘટના ભીડમાં રહેલા લોકો મોબાઈલમાં કેદ કરતા રહ્યા. જે હવે વાયરલ થઈ છે. અમે પોતાને બચાવવા માટે જે પણ કરી શકતા હતા તે કર્યું. મે તેમની પાસે ભીખ માંગી. તેમણે કહ્યું કે હું એક મા છું પરંતુ કોઈને દયા ન આવી.

મણિપુરમાં ૪ મેના રોજ મહિલાઓ સાથે જે અત્યાચાર થયા અને ૭૭ દિવસ બાદ કાર્યવાહી થઈ તે પણ વીડિયો દુનિયા સામે આવ્યા બાદ. પોલીસે અત્યાર સુધીમા માત્ર ૪ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં મુખ્ય આરોપી પણ સામેલ છે.

આથી પોલીસની ભૂમિકા પણ સવાલના ઘેરામાં છે. અઢી મહિના સુધી ત્યાંની સરાકરે પણ કશું કર્યુ નહીં? આ બધા વચ્ચે મણિપુરના રાજ્યપાલે ડીજીપીને તલબ કર્યા અને કડક કાર્યવાહીના આદેશ આપ્યા. રાજ્યપાલ અનસુઈયા ઉઈકેએ કહ્યું કે મે કહ્યું કે જેટલું જલદી બની શકે તેટલું જલદી આરોપીઓએ જે પ્રકારનું દુષ્કર્મ કર્યુ છે તેમની ધરપકડ કરો અને કડકમાં કડક સજા કરો. જે પોલીસ મથક હદમાં ૪ મેના રોજ આ ઘટના ઘટી હતી અને ૧૮ ના રોજ રિપોર્ટ થયો હતો તો હજુ સુધી પોલીસે કેમ તપાસ કરીને આરોપીઓની ધરપકડ ન કરી? આ ખુબ જ દુખદ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૨૮૫ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૩૮૧ |
| ૩ | ઘઉં | ૪૧૬ | ૪૧૯ |
| ૪ | ચણા | ૮૯૯ | ૯૨૦ |
| ૫ | ધાણા | ૧૩૦૫ | ૧૩૫૦ |
| ૬ | તલ | ૩૦૦૫ | ૩૨૩૦ |
| ૭ | શીંગદાણા | ૧૬૮૦ | ૨૧૬૧ |
| ૮ | મગ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૯ | સોયાબીન | ૮૮૧ | ૮૮૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૭૨ | ૧૭૨૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૯૦૧ |
| ૩ | શિંગદાણા | ૧૪૫૦ | ૨૪૩૫ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૪૨૫ | ૨૧૨૧ |
| ૫ | તલ સફેદ | ૨૨૭૦ | ૩૫૦૩ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૩૨૪૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૦૨ | ૩૪૦૨ |
| ૮ | બાજરો | ૪૨૧ | ૪૫૨ |
| ૯ | જુવાર | ૯૦૯ | ૯૯૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૬૨ | ૫૧૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૧૪ |
| ૧૨ | અડદ | ૯૦૦ | ૧૪૫૦ |
| ૧૩ | ચણા | ૬૫૦ | ૧૦૦૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૫ | તુવેર | ૬૫૦ | ૧૮૪૦ |
| ૧૬ | કપાસ | ૯૪૬ | ૧૪૫૦ |
| ૧૭ | એરંડા | ૧૧૧૦ | ૧૨૨૪ |
| ૧૮ | રાયડો | ૮૫૦ | ૯૩૬ |
| ૧૯ | ધાણા | ૯૫૦ | ૧૫૫૨ |
| ૨૦ | ધાણી | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ૨૧ | મેથી | ૭૦૦ | ૧૨૮૮ |
| ૨૨ | સોયાબીન | ૮૦૦ | ૯૪૨ |

પાના ૮ ઉપરનું ચાલું

## મણિપુરની હૈયુ હચમચાવી દે તેવી ઘટનાનાં

નાખી. આ સમયે આપણાં દેશની આ બેટીઓ ઉપર શું વીત્યું હશે ? આઝાદ ભારતનાં ૭૫માં અમૃત વર્ષમાં આપણી બહેન બેટીઓ સુરક્ષિત છે ? આઝાદ ભારતમાં દેશની બેટીઓ અસુરક્ષિત હોવાની છાશવારે બનતી ઘનનાઓ ડામવામાં સરકારમાં બેસેલ રાજકિય નેતાઓ અને વહીવટમાં બેસેલ નિંભર વહીવટકર્તાઓનાં પેટનું પાણી કેમ હલતુ નથી ? દેશની બેન બેટીઓની સાથે અવાર–નવાર બનતી જઘન્ય અત્યાચારની ઘટનામાં સામેલ આરોપીઓને કાનુનનો કોઈ જ ડર નથી ?

ભારત જેવા ખુબ સુરત દેશમાં જયારે પણ આવી ઘટનાઓ બને છે ત્યારે દરેક ભારતિયનું લોહી ઉકળી ઉઠે છે. ત્યારે બેશરમ રાજકિય આકાઓ આવી ઘટનાઓ રોકવામાં ખુબ જ ઉણા ઉતરતા હોય તેવું લાગી રહયું છે. ત્યારે સમગ્ર ભારતિયનું માથુ શરમથી ઝુકી જાય છે. ત્યારે હાલની આ ઘટનામાં મણિપુર રાજયમાં શું કાનુનનું કોઈ અસ્તિત્વ જ નથી ? આવા પ્રશ્ન સમગ્ર દેશનાં ભારતિયોનાં મનમાં છે. ત્યારે મણિપુરની ઘટનામાં સંડોવાયેલ આરોપીઓ સામે તથા નિંભર તંત્રમાં જે કોઈ માયકાંગલા અધિકારીઓની બેદરકારી જણાઈ આવે તેની સામે ગંભીર પ્રકારની કાનુની કાર્યવાહી તાત્કાલિક કરી મહિલા સમાજને ભયમુકત કરી ભવિષ્યમાં આવી જઘન્ય ઘટનાઓ બનતી અટકે તેવી કાર્યવાહી સરકાર કરે તે બાબતે યોગ્ય કરવા જાગૃત નાગરિકોએ માંગ કરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૯ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૩૩૦ | ૧૬૩૦ |
| ૩ | તલ સફેદ | ૨૭૫૫ | ૩૨૪૫ |
| ૪ | ઘઉં | ૪૧૨ | ૪૧૮ |
| ૫ | ચણા | ૮૯૦ | ૯૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૦ | ૧૫૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૪૫૧ | ૧૬૨૧ |
| ૩ | શીંગદાણા | ૧૮૦૦ | ૨૧૦૧ |
| ૪ | તલ સફેદ | ૩૦૫૦ | ૩૫૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૧૦૫૦૦ | ૧૧૧૧૦ |
| ૭ | કપાસ | ૧૨૧૫ | ૧૪૪૪ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૪૧ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૯૦ |
| ૧૨ | મકાઈ | ૫૦૧ | – |
| ૧૩ | મગ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૯૭૮ |
| ૧૫ | તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૧૬ | એરંડી | ૧૧૯૦ | ૧૨૩૯ |
| ૧૭ | સોયાબીન | ૮૫૦ | ૯૧૬ |


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરના એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરાએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરું છું કે, અમારી પાસેથી અમારા અસીલ મનસુખભાઈ કાનજીભાઈ કડવાણી, ઠે.ખોજાખાના શેરી, રે. બાબરા વાળા મકાન કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલ્કત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા નગર પાલિકામાં આવેલ મકાન સીટી સર્વે નં. ૨૦૪૨, ક્ષેત્રફળ ચો.મી. ૨૦–૧૫, આકારણી નં. ૧૦૦૪૮૫૪ વાળી મિલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી–અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૧/૦૭/૨૦૨૩
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ)**


પાના ૧ ઉપરનું ચાલું

## રાજુલાનાં ઉંચૈયા ગામ નજીક

નિપજતા હોવાની ઘટના બનતી હોય. ત્યારે આજના આ બનાવને લઈ શેત્રુંજી ડીવીઝનનાં ડીસીએફ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને બનાવ અંગે તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ બનાવમાં સિંહના મોતનાં સમાચાર વાયુવેગે પ્રસરી જતાં વન્ય પ્રાણી પ્રેમીઓમાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## યુવક પાણીમાં તણાતા શોધખોળ શરૂ

વિભાગની ટીમ દ્વારા યુવકની શોધખોળ શરૂ કરી હતી. સ્થાનિક લોકોના પણ ટોળેટોળા ઘટના સ્થળે ઉમટયા હતા. સાંજના સાત સુધીમાં યુવકની કોઈ ભાળ મળ્યાના સમાચાર મળ્યા ના હતા. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આજથી પંદરેક દિવસ પહેલા પણ આજ પુલ પર એક સ્કૂલ બસ પાણીમાં ફસાઈ હતી. ત્યારે ગ્રામજનો દ્વારા તાત્કાલીક સ્કૂલ બસમાંથી બાળકોને નીચે ઉતારી બાદમાં ટ્રેકટર દ્વારા ખેંચી બહાર કાઢી હતી ત્યારે મોટી જાનહાનિ ટળી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## લીલીયા તાલુકાને અતિવૃષ્ટિ

જિલ્લાનાં લીલીયા તાલુકામાં ખુબ જ વધારે પ્રમાણમાં સતત ૩૫ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. જેથી ખેડૂતો દ્વારા ખુબ જ મજુરી મહેનત કરી વાવેલા બિયારણ અને ખાતર નાશ પામેલ છે. અને લીલીયા તાલુકાનાં ખેડૂતોને ખુબ જ મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન થયેલ છે. લીલીયા તાલુકાનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને ખેતી સિવાય કોઈ અન્ય ધંધા રોજગાર નથી. જેથી સરકાર દ્વારા જગતનાં તાત ખેડૂતો માટે આર્થિક રાહત પેકેજ જાહેર કરવામાં આવે તેવી વિનંતી સહ માંગણી મુખ્યમંત્રીને પત્ર પાઠવી કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૩૨ |
| ૨ | ચણા | ૯૦૬ | ૯૦૬ |
| ૩ | જુવાર પીળી | ૫૬૬ | ૫૬૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ૨ | ચણા | ૮૫૦ | ૯૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૪ | ૪૭૯ |
| ૪ | સોયા | ૮૭૫ | ૯૧૨ |
| ૫ | મગફળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૬ | એરંડી | ૮૦૧ | ૧૦૫૦ |
| ૭ | શીંગદાણા | ૧૭૧૦ | ૨૦૬૩ |
| ૮ | ધાણા | ૧૦૦૫ | ૧૩૬૫ |
| ૯ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૦૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૧ | મેથી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૨ | તુવેર | ૧૩૬૫ | ૧૩૬૫ |
| ૧૩ | જુવાર | ૭૪૦ | ૭૪૦ |
| ૧૪ | અડદ દાળ | ૮૦૪ | ૮૦૪ |


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરના એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરાએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરું છું કે, અમારી પાસેથી અમારા અસીલ ગીતાબેન કાળુભાઈ દાસડીયા, ઠે. ઉમિયાનગર, મુ. બાબરા વાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલ્કત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા નગર પાલિકામાં આવેલ મકાન રે.સ.નં. ૧૫૮/પૈકી, પ્લોટ નં. ૧૨ પૈકી, ક્ષેત્રફળ ચો.મી. ૮૩–૬૯, વાળી મિલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ છે.

તો મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી–અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૧/૦૭/૨૦૨૩
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ)**


## અમરેલી : સારહિ તપોવન આશ્રમ ખાતે યજ્ઞવિધિ યોજાઈ



અમરેલી, તા. ૨૧

સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા–પ્રેરણા સ્ત્રોત મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે, તેમાં આજ રોજ દામજીભાઈ છગનભાઈ ગોલનાં સહપરિવારને યજ્ઞમા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી. જેમાં ઉપસ્થિત સારહી પરિવાર વતી નગરપાલિકાનાં કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, ઉદ્યોગપતિઓ જગદિશભાઈ બાબરિયા, હિંમતભાઈ ખણેશા, બટુકભાઈ ઘાડિયા. (ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ–અમરેલીનાં પરિજનો અતુલભાઈ પંડયા, હરેશભાઈ જાની, પંકજભાઈ રાજયગુરૂ તથા બળવંતભાઈ રવૈયાએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં નાના ભમોદરા ગામ નજીક

અનેક વખત આવા નાના–મોટા અકસ્માતો થાય છે અને ખૂબ જ મોટી સંખ્યામાં છકડો રિક્ષામાં મજૂરો કે પેસેન્જર બેસાડતા હોય છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત થાય કોઈનો જીવ જોખમમાં મુકાય તે પહેલા તંત્રએ આવી ગેરકાયદેસર મુસાફરોની હેરાફેરી બંધ કરવા લોક માંગ ઉઠવા પામી છે. સમગ્ર ઘટના પછી રીક્ષા ડ્રાઈવર નાસી છૂટયો છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૪૫૧ |
| ૨ | તલ કાળા | ૨૦૦૦ | ૨૮૨૫ |
| ૩ | કપાસ | ૧૦૨૫ | ૧૪૪૦ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૪૯૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૧૭ | ૪૫૪ |
| ૬ | જુવાર | ૫૬૧ | ૯૦૦ |
| ૭ | ચણા | ૮૦૦ | ૯૪૦ |


## જાહેર નોટિસ

અમો નિચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા એડવોકેટ રહે. અમરેલીના તે અમારા અસીલ હર્ષાબેન શૈલેશભાઈ વાકોતેર, રહે. અમરેલી ની મિલ્કત કે જેનું વર્ણન નિચે મુજબ છે જે અંગે લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરીએ છીએ કે, અમરેલી ગામે વરસડા રોડ રસ્તે બ્રામ્હણ સોસાયટી પાસે મધુવન પાર્ક સોસાયટીમાં આવેલ "આંગન" ફલેટસ્ના સેકન્ડ ફલોર ફલેટ નં. ૨૦૩ જેનો રે.સ.નં.૧૨૧/૧ પેકી ૫ પેકી પ્લોટઃ–૨૫ છે તથા સીટી સર્વે નં.૨૦૬/૪/૨૫ છે. જેનો કિલ્ટઅપ એરીયા ચો.મી.૬૫–૭૫ છે. સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીનના મુળ માલીક ખેડુત ખાતેદાર મોહનભાઈ નાનજીભાઈ કાબરીયાની વડીલોપાર્જીતની હતી અને વારસાઈ નાતે તેઓનાં સંયુકત માલીકી હકકે આવેલ ત્યારબાદ વારસો વચ્ચે વહેચણી કરતા સદરહુ જમીન બાલુભાઈ મોહનભાઈ કાબરીયાનાં સ્વતંત્ર નામે આવેલ અને તેના નામ થી જ બીનખેતી

ફેરવાયેલ અને તેઓ પાસેથી તા.૨૧/૦૩/૨૦૧૨ ના રોજ રજી. દસ્તાવેજ નં. ૯૧૧ થી સયુકત રીતે (૧) ચંદુભાઈ વલ્લભભાઈ વોરા (૨) અલ્પેશભાઈ વિનુભાઈ ડોબરીયા (૩) અશોકભાઈ બાબુભાઈ ફિણવીયા (૪) રાહુલભાઈ મધુભાઈ ઢેબરીયા (૫) આનંદભાઈ જગદીશભાઈ મિસ્ત્રી તેમજ (૬) જીજ્ઞેશભાઈ બાબુભાઈ સોનીએ રાખેલ હતી અને તેઓ પાસે થી તેમના કુલમુખત્યાર જીજ્ઞેશભાઈ બાબુભાઈ સોની ધ્વારા ઉપરોકત અમારા અસીલશ્રી હર્ષાબેન શૈલેશભાઈ વાકોતેર તા. ૦૮/૦૩/૨૦૨૨ રજી. દસ્તાવેજ નં. ૧૧૫૯ થી ખરીદ કરેલ છે. તે મિલ્કત ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે. સદરહું મિલ્કત સબંધે કોઈ ઈસમ / વ્યકિતનું કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે,અર્ધસરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ /વ્યકિતનો લાગ ભાગ, હકક હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ માં લેખીતમાં આધાર પુરાવા સાથે રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા,તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈજ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૨–૭–૨૦૨૩

Pandya Advocates

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

### મણિપુરની ઘટનાનો આક્રોશ શમ્યો નથી ત્યાં વધુ એક ઘટના

# હાવડામાં મહિલા ઉમેદવારને નગ્ન કરીને પરેડ કરાવાઈ

## મહિલા ઉમેદવારનો આરોપ છે કે તૃણમૂલ કાર્યકર્તાઓએ તેને નગ્ન કરીને આખા ગામમાં પરેડ કરાવી હતી

કોલકાતા, તા. ૨૧

મણિપુરમાં મહિલાઓ પર અત્યાચારની ઘટના બાદ લોકોમાં ગુસ્સાની આગ હજુ શમી નથી કે બંગાળમાં મહિલાઓ પર હિંસા અને નગ્ન અવસ્થામાં ફરવાનો મામલો સામે આવ્યો છે.

ગ્રામ પંચાયત માટે એક મહિલા ઉમેદવારે તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો પર છેડતી અને શારીરિક હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. આ ઘટના ૮ જુલાઈની કહેવાય છે , જે દિવસે રાજ્યમાં પંચાયતની ચૂંટણી થઈ હતી.

મહિલા ઉમેદવારનો આરોપ છે કે તૃણમૂલ કાર્યકર્તાઓએ તેને નગ્ન કરીને આખા ગામમાં પરેડ કરાવી હતી. આ ઘટના હાવડા જિલ્લાના પંચલા વિસ્તારની છે. આ મામલે પંચલા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે.

તૃણમૂલના લગભગ ૪૦ બદમાશોએ તેની સાથે મારપીટ કરી હતી. મને છાતી અને માથા પર લાકડી વડે મારવામાં આવ્યો અને મને મતદાન મથકની બહાર ફેંકી દેવામાં આવ્યો. FIRની નકલમાં તૃણમૂલ ઉમેદવાર હેમંત રાય , નૂર આલમ , અલ્ફી એસકે, રણબીર પંજા સંજુ , સુકમલ પંજા સહિત ઘણા લોકોના નામ છે.

મહિલાએ વધુમાં કહ્યું કે તેઓએ મારા કપડા ફાડવાનો પ્રયાસ કર્યો અને મને નગ્ન કરવા દબાણ કર્યું. બધાની સામે મારી છેડતી કરી. મને અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો.

બંગાળ ભાજપના સહપ્રભારી અમિત માલવિયાએ આને લઈને મુખ્યમંત્રી મમતા બેનર્જી પર નિશાન સાધ્યું છે.તેમણે ટ્વીટ કર્યું- ' શું મમતા બેનર્જીને કોઈ શરમ છે ? આ ઘટના તમારા રાજ્ય સચિવાલયથી થોડે દૂર બની હતી. તમે નિષ્ફળ મુખ્યમંત્રી છો અને તમારે તમારા બંગાળ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.




### કાંઠાગોરની વારતા

ભગવાન તારા ઉપર રુઠયા છે. માટે પુરૂષોત્તમ ભગવાનનું વ્રત—પૂજન કર, ધરમ—ધ્યાન કર અને પ્રભુની ક્ષમા માંગ. સ્નાન કરીને કાંઠાગોરને રાજી કર.' હવે જેઠાણીને અકકલ આવી કે ભગવાનને ભજયા નહિ અને કાંઠાગોરનું અપમાન કર્યુ એટલે આ દહાડા આવ્યા. તેણે મનથી કાંઠાગોરની માફી માંગી અને વ્રત કરવાનો સંકલ્પ કર્યો. જેઠાણીએ તો લાલ ચુંદડી લીધી, જમણા હાથમાં કળશ—થાળ લીધા. શ્રીફળ—સોપારી લીધા અને કાંઠાગોરનું ભાવથી પૂજન કર્યુ. આંખના અશ્રુથી કાંઠાગોરના ચરણ પખાળ્યા. આજીવન વ્રત કરવાનો પવિત્ર સંકલ્પ કર્યો અને કાંઠાગોરની માફી માંગતી બોલી : 'હે માતાજી ! હું અજ્ઞાની છું. તમારા મહિમાને સમજી શકી નહીં અને મેં તમારો અનાદર કર્યો, તેનું ફળ મને મળી ગયું છે. હે માતાજી ! હું તમારી માફી માંગું છું, મને ક્ષમા કરો.'


કાંઠાગોરની કૃપાથી છેવટે સારાં વાનાં થયાં. પતિ—પુત્ર પાછા ફર્યા, દિકરી સાસરેથી આવી, વહુ પિયરથી દોડી આવી, ઢોર સીમમાંથી પાછા આવ્યાં.

જેઠાણી તો રાજીના રેડ થઇ ગઇ અને કાંઠાગોરનો આભાર માનવા લાગી. મનમાં પસ્તાવા લાગી. અને જીવનભર હવે કાંઠાગોરનું વ્રત કરીશ, તેમ મનોમન નકકી કર્યુ અને બ્રાહ્મણોને જમાડી વ્રતનું ઉજવણું કર્યુ.

**'જે કોઇ પૂજે કાંઠાગોરને, કૃપા પ્રભુની થાય,**
**સુખ—સમૃધ્ધિની છોળ ઉડે, વૈકુંઠવાસ થાય.'**

હે કાંઠાગોર ! પશ્ચાત્તાપથી શુધ્ધ બનેલ જેઠાણીને, તેની દેરાણીને અને સાસુને તમે જેવા ફળ્યા એવા શ્રદ્ધાથી તમારું વ્રત કરનાર સૌને ફળજો. **(ક્રમશઃ)**

**સંપાદક : મહેન્દ્ર જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)



### મોદી સરનેમ પર ટિપ્પણી મુદ્દે સુનાવણી

# રાહુલ સામે માનહાની કેસમાં ૪ ઓગસ્ટે સુનાવણી થશે

## સુપ્રીમકોર્ટે આ મામલે પૂર્ણેશ મોદીને પણ નોટિસ ઈશ્યૂ કરી હતી, તેમને ૧૦ દિવસમાં જવાબ આપવા પણ નિર્દેશ

નવી દિલ્હી, તા. ૨૧

સુપ્રીમ કોર્ટ આજે મોદી સરનેમ ટીપ્પણી સંબંધિત માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની અરજી પર સુનાવણી કરી હતી. સુપ્રીમકોર્ટે આ મામલે પૂર્ણેશ મોદીને પણ નોટિસ ઈશ્યૂ કરી હતી. તેમને ૧૦ દિવસમાં જવાબ આપવા પણ નિર્દેશ આપ્યો છે. આ સાથે ગુજરાત સરકારને પણ સુપ્રીમકોર્ટે નોટિસ ઈશ્યૂ કરી છે. રાહુલ ગાંધીએ એવી દલીલ કરી હતી કે વાયનાડમાં ગમે ત્યારે પેટાચૂંટણીની જાહેરાત થઈ શકે છે. હવે આ મામલે આગામી સુનાવણી ૪ ઓગસ્ટે કરવામાં આવશે.



ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટે રાહુલ ગાંધીની સજા પર સ્ટે મૂકવાની અરજીને ફગાવી દીધી હતી. આ પછી પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ પીકે મિશ્રાની બેંચ આ મામલે સુનાવણી કરી હતી. સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બેન્ચે ૧૮ જુલાઈના રોજ વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીને આ બાબતનો ઉલ્લેખ કરીને અને તાત્કાલિક સુનાવણીની માંગણી કર્યા પછી રાહુલ ગાંધીની અરજી સાંભળવા માટે સંમત થયા હતા. તેમની અપીલમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે જો ૭ જુલાઈના ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે નહીં મુકવામાં આવે તો તે વાણી, અભિવ્યક્તિ, વિચાર અને નિવેદનની સ્વતંત્રતાને ગળે ટૂંપો આપી દેવા જેવું થશે.

### મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં જનઆક્રોશ રેલી

# દેશમાં ખેડૂતોને ૨૭ રુપિયા કમાવવાનાં ફાંફા : પ્રિયંકા

## છેલ્લા ઘણા મહિનાઓથી મણિપુર સળગી રહ્યું છે, પણ વડાપ્રધાન ચુપ રહ્યા : કોંગ્રેસનાં નેતાનો મોદી પર પ્રહાર

ગ્વાલિયર, તા. ૨૧

મધ્યપ્રદેશમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, ત્યારે મોટાભાગના પક્ષો અત્યારથી સક્રિય જોવા મળી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ આજે મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં યોજાયેલી જનાક્રોશ રેલીમાં સંબોધન કર્યું... તેમણે કહ્યું કે, ભારતીય રાજનીતિની લડાઈ સત્યની લડાઈ છે. આ દરમિયાન તેમણે મોંઘવારી, બેરોજગારી, કૌભાંડો અને પટવારી ભરતીમાં કથિત કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો... તેમણે કહ્યું કે, જે ઉદ્યોગપતિને વડાપ્રધાને તમામ સંપત્તિ સોંપી દીધી છે, તે એક દિવસમાં ૧૬૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી રહ્યા છે, તો બીજી તરફ આપણા ખેડૂતો એક દિવસમાં ૨૭ રૂપિયા પણ કમાઈ શકતો નથી.

આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, વડાપ્રધાને દિલ્હીમાં આયોજીત એક બેઠકમાં દેશના વિપક્ષી નેતાઓ અને પક્ષોને ચોર કહ્યા... વડાપ્રધાને દેશના વરિષ્ઠ નેતાઓનું અપમાન કર્યું... છેલ્લા ઘણા મહિનાઓથી મણિપુર સળગી રહ્યું છે, પણ વડાપ્રધાન ચુપ રહ્યા... તેઓ ૭૭ દિવસ સુધી ચુપ બેસી રહ્યા અને જ્યારે બોલ્યા તો તેમાં પણ રાજકારણ શરૂ કરી દીધું.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, હું મારા સંબોધનમાં ૧૦ મિનિટ પીએમની ટીકા કરી શકું છું... હું ૧૦ મિનિટ શિવરાજજીની ટીકા કરી શકું છું... હું ૧૦ મિનિટ સિંધિયા પર બોલી શકું છું... પરંતુ હું અહીં સમસ્યાઓ વિશે વાત કરવા આવી છું... હું મોંઘવારી મુદ્દે વાત કરવા આવી છું... તેમણે કહ્યું કે, મોંઘવારી આજે જીવન પર બોજો બની ગયો છે... તેમણે કહ્યું કે, મહિલાઓ મોંઘવારીનો બોજો ઉઠાવી રહી છે. આવા સમયે લોકોની ટીકા કરવી મને યોગ્ય નથી લાગતી. નેતાઓએ ચૂંટણી દરમિયાન પ્રજાના મુદ્દા પર વાત કરવી જોઈએ... તેમણે કહેવું પડશે કે, મોંઘવારી કેમ છે, બેરોજગારી કેમ છે.સંબોધન દરમિયાન પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, જે રાજ્યોમાં અમારી સરકાર છે, ત્યાં જૂની પેન્શન યોજના લાગુ કરી દેવામાં આવી છે.

મધ્યપ્રદેશમાં પણ સરકાર બન્યા બાદ જુની પેન્શન યોજના લાગુ કરવામાં આવશે. મહિલાઓના બેંક ખાતામાં દર મહિને ૧૫૦૦ રૂપિયા મોકલવામાં આવશે, ૫૦૦ રૂપિયામાં રસોઈ ગેસ સિલિન્ડર આપવામાં આવશે, ૧૦૦ યૂનિટ વીજળી ફ્રી અપાશે અને અડધા ભાવે ૨૦૦ યૂનિટ વીજળી અપાશે... ઉપરાંત ખેડૂતો પર લોન માફીનું કામ પૂર્ણ કરવામાં આવશે... ઉપરાંત પ્રિયંકાએ કમલનાથને કહ્યું કે, કોંગ્રેસની સરકાર બન્યા બાદ દિવ્યાંગોને મળતા પેન્શનમાં વધારો કરવામાં આવશે...

### રાજ્યમાં ૨૬૫૨ અમૃત સરોવરનું નિર્માણ

# ગુજરાતમાં અમૃત સરોવરની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ

## રાજ્યમાં ૨૪૫૨ સરોવરોના લક્ષ્ય સામે સરકાર દ્વારા ૨૬૫૨ સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું

અમદાવાદ, તા. ૨૧

પાણી બચાવવાની દિશામાં કાર્યવાહી કરવા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આહવાન કર્યું હતું. જેને વધાવી લઈ ગુજરાત સરકાર દ્વારા અમૃત સરોવર મામલે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે અને ૧૦૦ ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યમાં નવા ૨૬૫૨ અમૃત સરોવરોનું નિર્માણ કરાયું છે. મહત્વનું છે કે રાજ્યમાં ૨૪૫૨ સરોવરોના લક્ષ્ય સામે સરકાર દ્વારા ૨૬૫૨ સરોવરોનું નિર્માણ કરાયું છે. નોંધનીય છે કે એપ્રિલ ૨૦૨૨ મા વડાપ્રધાન મોદી દ્વારા દરેક જિલ્લામાં અમૃત સરોવર બનાવવા હાંકલ કરી હતી.

એટલે કે ગુજરાતમાં અમૃત સરોવરની કામગીરી ૧૦૦ ટકા ઉપરાંત પૂર્ણ થઈ ગઈ છે. વધુમાં દરેક સરોવરમાં ૧૦ હજાર ક્યુબિક મીટર જળસંગ્રહની ક્ષમતા છે. ખાસ વાતએ છે. તળાવો ઊંડા કરવાની કામગીરી બાદ નીકળેલી માટીનો હાઈવે અને રેલવે પ્રોજેક્ટમાં ઉપયોગ કરાયો જોવાનું જાણવા મળી રહ્યું છે.

જળસંચય માટે વડાપ્રધાનની અપીલ નો ઉદ્દેશ આ લગભગ દરેક જિલ્લામાં ઓછામાં ઓછા ૭૫ અમૃતસર બનાવવાનો છે. જેના વિસ્તારની વાત કરવામાં આવે તો આ અમૃત સરોવર એક એકર જેટલું વિસ્તતરાયેલ તળાવ એટલે કે ૧૦,૦૦૦ ઘન મીટર પાણી રાખવાની ક્ષમતા ધરાવતું તળાવ હશે. જેમાં લોક ભાગીદારી પણ સુનિશ્ચિત કરવામાં આવશે. આ મામલે આગામી મહિનાઓમાં અમૃત સરોવરને લઈ જાહેર કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.

તાજેતરમાં જ યોગ દિવસ નિમિત્તે ૧૫૯૭ સરોવરમાં ૬૫,૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા. આ ઉપરાંત ૧ જુલાઈના રોજ અમૃતસર ખાતે આરોગ્ય શિબિર યોજાઈ હતી. તો અમૃતસરના ફાયદાઓ મામલે લોકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા સેનાનીઓ તથા તેમના પરિવારના સદસ્યો દ્વારા ૬૬૫ અમૃત સરોવર પર સ્મારક રૂપે વૃક્ષો વાવવામાં આવ્યા હતા. રેલવે અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ સહિતના માર્ગના કામમાં આ માટીનો ઉપયોગ કરાય છે. તો સ્થાનિક ખેડૂતો પણ ફળદ્રુપ માટીને ખેતરમાં નાખે છે.

### મણિપુરમાં ચાલતી હિંસા હવે ક્રૂરતામાં ફેરવાઈ

# મણિપુરમાં 3 મે થી અત્યાર સુધીમાં છ હજાર એફઆઈઆર, ૭૦ હત્યા

## ઇમ્ફાલ ખીણ અને આસપાસના પહાડી વિસ્તારોમાંથી પોલીસે અત્યાર સુધીમાં ૬૫૭ લોકોને કસ્ટડીમાં લીધા

ઈમ્ફાલ, તા. ૨૧

મણિપુરમાં છેલ્લા કેટલા સમયથી ચાલતી હિંસા હવે ક્રૂરતામાં ફેરવાઈ ગઈ છે. હાલમાં જ વાયરલ થયેલા બે મહિલાઓ સાથેની ક્રૂરતાના વીડિયોએ આ વાત સ્પષ્ટ કરી દીધી છે. આ દરમિયાન એક અહેવાલમાં જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે, ૩ મેના રોજ ફાટી નીકળેલી હિંસાથી અત્યાર સુધીમાં રાજ્યમાં લગભગ ૬ હજાર એફઆઈઆરનોંધાઈ છે.

આ ઉપરાંત લગભગ ૭૦ હત્યાનો દાવો કરવામાં આવી રહ્યો છે. રાજ્યના કેટલાક ધારાસભ્યોનું કહેવું છે કે ઘણી મહિલાઓને દુષ્કર્મનો શિકાર બનાવવામાં આવી હતી. સૂત્રો અનુસાર જણાવવામાં આવી રહ્યું છે કે, પૂર્વોત્તર રાજ્યમાં કુકી વિ. મેતેઈની શરૂઆતથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૬,૦૦૦ કેસ નોંધાયા છે, જેમાં અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૭૦ હત્યાના કેસ નોંધાયા છે. ઈમ્ફાલ ખીણ અને આસપાસના પહાડી વિસ્તારોમાંથી પોલીસે અત્યાર સુધીમાં કુલ ૬૫૭ લોકોને કસ્ટડીમાં લીધા હોવાનું કહેવાય છે. ગઈકાલે સાંજે જ મણિપુર વિધાનસભાના ૧૦ સભ્યોએ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓના આંકડા આપ્યા હતા. તેમનો દાવો છે કે, રાજ્યના વિવિધ ભાગોમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછી ૫ મહિલાઓની હત્યા કરવામાં આવી છે. આ સાથે ત્રણ મહિલાઓ દુષ્કર્મનો શિકાર બની છે. જો કે આ દરમિયાન ધારાસભ્યોએ કોઈ માહિતી શેર કરી નથી. હાલમાં જ એક વીડિયો વાયરલ થયો હતો, જે ૪ મેનો હોવાનું કહેવાય છે.

હાલમાં, સરકારે આ વીડિયોને સોશિયલ પ્લેટફોર્મ પરથી હટાવવાની સૂચના આપી છે. અહેવાલ છે કે લગભગ એક હજાર લોકોની ભીડ બે મહિલાઓ પર પડી હતી, જેમાં એક ૨૦ અને બીજી ૪૦ વર્ષની હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, ટોળું મહિલાઓ સાથે અશ્લીલ હરકતો કરી રહ્યું છે. એવા આક્ષેપો છે કે, નાની મહિલા પર પણ સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ કેસમાં મુખ્ય આરોપી સહિત અત્યાર સુધીમાં ૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

### આરોપીના ઘરને તેના જ ગ્રામજનોએ આગ લગાવી

# મહિલાઓ સાથે દુષ્કર્મ કરનાર આરોપીનું ઘર સળગાવી દેવાયું

## મણિપુરમાં પોલીસે મહિલાઓના કપડાં ઉતારવા અને તેમની સાથે ગેરવર્તન કરવા બદલ ૪ ની ધરપકડ કરી છે

ઈમ્ફાલ, તા. ૨૧

મણિપુરમાં હિંસા ફાટી નીકળ્યા બાદ બે મહિલાઓ સાથે જાહેરમાં દુષ્કર્મ કરનાર મુખ્ય આરોપીના ઘરને તેના જ ગ્રામજનોએ આગ લગાવી દીધી હતી. મણિપુરનો વીડિયો વાયરલ થયા બાદ દેશભરમાં ગુસ્સો જોવા મળ્યો હતો.

હવે આરોપીના જ સમાજના લોકો પણ ખુલ્લેઆમ આરોપીનો વિરોધ કરી રહ્યા છે. મહિલાને તોડફોડ કરનારા લોકો મૈતાઈ સમુદાયના છે અને જેમણે તેના ઘરને આગ લગાવી છે તે પણ આ જ સમુદાયના છે.

વાયરલ વીડિયોમાં, પોલીસે બે મહિલાઓને નગ્ન કરીને જાહેરમાં ક્રૂરતા કરનારા ચાર લોકોની ધરપકડ કરી છે. જેમાંથી મુખ્ય આરોપી હુરેમ હેરોદાસ પણ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. હેરોદના ઘરની પડોશમાં રહેતા લોકોને આ વાતની જાણ થતાં તેઓ તેના ઘરને સળગાવવા પહોંચ્યા. મળતી માહિતી મુજબ, આરોપીનું ઘર નોંગપોક સેકમાઈ પોલીસ સ્ટેશન હેઠળના પેચી અવાંગ લિકાઈમાં છે.

બે દિવસ પહેલા વાયરલ થયેલા વીડિયોમાં હેરોદાસ બે મહિલાઓ સાથે ક્રૂરતા આચરતો જોવા મળ્યો હતો. હવે તેના ઘરને આગ લગાડનારાઓમાં મોટાભાગની મહિલાઓ પણ છે. તે મહિલાઓનું કહેવું છે કે તેઓ મેતાઈ સમુદાયની હોવા છતાં પણ આ પ્રકારની ક્રૂરતાને સમર્થન આપતા નથી.

૩ મેના રોજ, મણિપુરમાં મેટાઈ અને કુકી સમુદાયો વચ્ચે રમખાણો ફાટી નીકળ્યા. હિંસામાં ઘણા લોકોના મોત થયા હતા. બીજી તરફ બીજા દિવસે એટલે કે ૪ મેના રોજ મેટાઈ સમુદાયના ટોળા દ્વારા કુકી સમાજની બે મહિલાઓને નિર્વસ્ત્ર કરીને ગામની આસપાસ પરેડ કરવામાં આવી હતી અને તોડફોડ કરી હતી. બે મહિના પછી જ્યારે આ ક્રૂરતાનો વીડિયો વાયરલ થયો ત્યારે દેશભરમાં રોષ ફાટી નીકળ્યો હતો.દેશભરમાં વધી રહેલા રોષ બાદ આ મામલે પોલીસની કાર્યવાહી પણ વધી અને ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી.

હેરોદાસ ઉપરાંત, આ કેસમાં પોલીસે જે ચાર લોકોની ધરપકડ કરી છે તેમના નામ યુલેમેમ્બમ જીબાન, ખુંડોંગબમ અરુણ અને નિંગોમ્બમ ટોમ્બા તરીકે દર્શાવવામાં આવ્યા છે, જે નોંગપોક સેકમાઈના રહેવાસી છે. હેરોદાસની યેરીપુક માર્કેટમાંથી ધરપકડ કરવામાં આવી છે.

જો કે તે યારીપોક બિશ્નુહાનો રહેવાસી છે, પરંતુ તેના પિતાના મૃત્યુ પછી, તે પેચીમાં તેની દાદીના ઘરે રહેવા લાગ્યો. બીજી તરફ જીબાને પોતે ગુરુવારે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. અરુણની ગુરુવારે સાંજે નોંગપોક સેકમાઈ અને કોંગબાથી ટોમ્બાની ધરપકડ કરવામાં આવી હતી.

### ભારતમાં તહેવારોની મોસમ પર ટ્રેન પ્રવાસમાં સમસ્યા

# તહેવારોમાં રેલવેના રિઝર્વેશન બુક, સ્પેશિયલ ટ્રેન્સ પર નજર

## દિલ્હીથી યુપી-બિહાર જનારા માટે નવે. સુધી બુકિંગ ફૂલ

નવી દિલ્હી, તા. ૨૧

ભારતમાં તહેવારોના અવસર પર ટ્રેનની મુસાફરીને લઈને સમસ્યા સર્જાય છે. ઘરથી દૂર રહેતા લોકો ઘરે જવાની તૈયારીઓ અગાઉથી જ કરી લે છે. જો તમે ટ્રેનમાં મુસાફરી કરવા માંગતા હોવ તો તેના માટે અગાઉથી બુકિંગ કરવામાં આવે છે. લોકો તેના માટે ૪-૫ મહિના અગાઉથી તૈયારી કરે છે. જો તમે પણ દિવાળી કે છઠના અવસર પર ટ્રેન જો તમે ઘરે જવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી થઈ શકે છે. ટ્રેનની ટિકિટો પૂરજોશમાં બુક કરવામાં આવી રહી છે , જેથી છેલ્લી ક્ષણે તમારા માટે કોઈ મોટી મુશ્કેલી ઊભી ન થાય.

જો તમે રાજધાની દિલ્હીથી યુપી અથવા બિહાર જવાનું વિચારી રહ્યા છો , તો તમને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. હવે જુલાઈ મહિનો ચાલી રહ્યો છે પરંતુ નવેમ્બર સુધીનું બુકિંગ ફુલ છે.

નવી દિલ્હીથી પટના રૂટ પર ચાલતી તમામ ટ્રેનો ટ્રેન ટિકિટો ભરેલી છે. આવી સ્થિતિમાં, તમને કન્ફર્મ ટિકિટ મેળવવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આ વર્ષે દિવાળી ૧૨ નવેમ્બરે છે , જ્યારે છઠ પૂજાનો સૌથી મોટો તહેવાર ૧૭ નવેમ્બરથી શરૂ થવા જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં, ટ્રેનમાં સીટ મેળવવામાં પડતી મુશ્કેલી વિશે જાણીને, જો તમે ફલાઈટમાં જવાનું વિચારી રહ્યા છો , તો તમારે ફલાઈટનું સ્ટેટસ જાણવું જરૂરી બનશે. ફલાઈટમાં મુસાફરી કરવાથી તમારું ખિસ્સું પણ ઢીલું પડી શકે છે. દિલ્હીથી પટનાની ફલાઈટનું ભાડું પણ વધી ગયું છે. એક ટિકિટની કિંમત ૮૯૫૮ રૂપિયા થઈ શકે છે. તમારી પાસે તત્કાલ ટિકિટ બુક કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જો કે , મુસાફરોની સુવિધા માટે, તહેવારના અવસર પર ભારતીય રેલ્વે દ્વારા વિશેષ ટ્રેનો ચલાવવામાં આવે છે. આવી સ્થિતિમાં તમે સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરીને ઘરે પહોંચી શકો છો.

### આદુ ભાવ પણ આકાશને આંબ્યા

# ટામેટા બાદ ચોરોનો આદર્શ વિકલ્પ આદુ, ખેતરો ટાર્ગેટ પર

## કેરળના ખેડૂતોએ કર્ણાટકના આદુ ઉત્પાદક ક્ષેત્રમાં આવતા પોલીસ સ્ટેશનમાં આદુની ચોરી અંગે ફરિયાદ નોંધાવી

કોઝિકોડ, તા. ૨૧

આદુના ભાવ ઐતિહાસિક સ્તરે પહોંચત કર્ણાટકમાં આદુનું વાવેતર કરનારા કેરળના હજારો ખેડૂતો ચોરોના ત્રાસનો સામનો કરી રહ્યા છે. ખેડૂતોએ કહ્યું હતું કે, તાજા આદુનો ભાવ ૧૦૦ કિલો જ્યારે જૂના આદુનો ભાવ ૧૯૨ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો હોવાથી ચોર આદુને આકર્ષક વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, ચોરો તેમના ખેતર પર હુમલો કરે છે. માત્ર રાતે જ નહીં પરંતુ દિવસ દરમિયાન પણ જ્યારે ખેતરની દેખરેખ કરનારા લોકો થોડા સમય માટે આઘાપાછા થાય છે ત્યારે તેઓ ઘૂસીને આદુ ચોરી લે છે. કેરળના ખેડૂતોએ કર્ણાટકના આદુ ઉત્પાદક ક્ષેત્રમાં આવતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને બેલિગેર પોલીસે આદુ ચોરીના મામલે એક શખ્સની ધરપકડ કરી હતી તેમજ અન્યને કસ્ટડીમાં લીધો હતો.

અમારા અસોસિએશન સાથે જોડાયેલા ૨૫ ખેડૂતો આદુની ચોરીનો ભોગ બન્યા હતા. હવે, ખેડૂતો અને રખેવાળ પણ સુરક્ષાના જોખમનો સામનો કરી રહ્યા છે. કારણ કે, આદુ ચોરવા આવતા શખ્સ તેમના પર પણ હુમલો કરી શકે છે. પહેલા આવી એક ઘટના બની ચૂકી છે, જેમાં પુલપલ્લી પાસે આવેલા પેરીક્કલૂરનો ખેડૂત હુમલામાં ઈજાગ્રસ્ત થયો હતો', તેમ નેશનલ ફાર્મર પ્રોડ્યૂસર ઓર્ગેનાઈઝેશનના (એનએફપીઓ) ચેરમેન ફિલિપ જ્યોર્જે જણાવ્યું હતું.

સામાન્ય રીતે જ્યારે વાવેતર અને ફળદ્રુપતા જેવા મોટા કામો હાથ ધરવામાં આવે ત્યારે ખેડૂતો ખેતરમાં જ રહે છે, જ્યારે બાકીના સમયમાં તેઓ ખેતરની દેખરેખ માટે એક રખેવાળ રાખે છે.

પરંતુ ૨૪ કલાક ખેતરો પર નજર રાખવી મુશ્કેલ છે. રાતે જ્યારે રખેવાળ ન હોય ત્યારે ચોર ત્રાટકતા હોય છે', તેમ તેમણે ઉમેર્યું હતું. જ્યોર્જે કહ્યું હતું કે, કર્ણાટકના એક ખેડૂતે તેની ૧૦ એકર જમીનમાં આદુનું વાવેતર કર્યું હતું અને તેમાંથી ૧.૫ એકરમાં વાવેલું આદુ ચોર ઉપાડી ગયા હતા. કેરળના કેટલાક ખેડૂતો અડધા એકરમાં ઉગાડેલું આદુ ગુમાવી બેઠા હતા, જેના કારણે લાખો રૂપિયાનું નુકસાન થયું હતું.

એનએફપીઓના વાઈસ ચેરમેન અજય કુમાર વીએલએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં આદુના ખેડૂતો ભાવમાં ઘટાડાનો સામનો કરી રહ્યા હતા અને ૬૦ કિલોની બોરીનો ભાવ ૭૦૦ રૂપિયાએ પહોંચી ગયો હતો, જે એક કિલો માત્ર ૧૧.૬ રૂપિયાના ભાવે વેચાતું હતું.

'અમને મૈસૂર, હાસન અને માંડ્યા જિલ્લાઓના ખેડૂતો પાસેથી ચોરીની ઘણી ફરિયાદો મળી છે, જ્યાં આશરે આદુનું વાવેતર કરતાં આશરે ૪ હજારથી વધુ ખેડૂતો છે', તેમ તેમણે ઉમેર્યું હતું.

આ સાથે તેમણે કહ્યું હતું કે, ખેડૂતોએ હવે તેમના ખેતરમાં સીસીટીવી કેમેરા લગાવવાનું શરૂ કર્યું છે. તેઓ ચોરીના કારણે નુકસાન સહન કરી શકતા નથી કારણ કે તેઓ એક એકર જમીન ૧.૨ લાખ રૂપિયાની લીઝ પર લે છે.

## મણિપુરમાં બનેલ ઘટનાની આપવીતી જાણીને ધ્રુજારી છુટી જશે

# અમારું બધુ બાળી મુક્યું અને અમને ઢસડીને લઈ ગયા : પીડિતા

**શર્મસાર કરતો વિડીયો વાયરલ થતાં સંસદથી સુપ્રિમ કોર્ટ સુધી આક્રોશ જોવા મળી રહ્યો છે**

**૪૨ વર્ષની ઉંમરમાં પોતાના જીવનની સૌથી ખૌફનાક પળ ગુજારનાર પીડિતા હજુ સારવારમાં છે**

**પીડિતાએ તેમની સાથે ઘટેલી તે દર્દનાક પળોની ધ્રુજાવી દેતી હોર સ્ટોરી મીડિયા સાથે શેર કરી**

**સૌથી ચોંકાવનારી વિગત એ જણાવી કે સુરક્ષાનાં વચનો આપતી પોલીસે મોઢું ફેરવી લીધું હતું**

ઈમ્ફાલ, તા.૨૧

મણિપુરમાં કુકી સમુદાયની બે મહિલાઓને નિર્વસ્ત્ર કરીને જાહેરમાં રસ્તાઓ પર ફેરવ્યા બાદ ખેતરમાં ગેંગરેપની ઘટનાથી આખો દેશ હતપ્રત છે. જેને અરાજકતાની પરાકાષ્ઠા માનવામાં આવી રહી છે. જાતિય હિંસા શરૂ થયાના એક દિવસ બાદ ૪મેના રોજ થયેલી આ ઘટનાની જાણ દેશને બે દિવસ પહેલા લાગી જયારે મણિપુરમાં ઈન્ટરનેટ પ્રતિબંધ ખતમ થયા બાદ શર્મસાર કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો. સંસદથી સુપ્રીમ કોર્ટ સુધી આ ઘટના પર ચારેબાજુ આક્રોશ જોવા મળી રહ્યો છે. હવે આ ઘટનાની એક પીડિતા સામે આવી છે. ૪૨ વર્ષની ઉંમરમાં પોતાના જીવનની સૌથી ખૌફનાક પળ ગુજારનારી પીડિતા હજુ સુધી ટ્રોમામાં છે. હાલ ચુરાચંદપુરના રેફ્યૂજી કેમ્પમાં રહેતી પીડિતાએ પોતાની સાથે ઘટેલી તે દર્દનાક પળોની ધ્રુજાવી દેતી હોરર સ્ટોરી મીડિયા સાથે શેર કરી છે. તેણે જણાવ્યું કે ભીડે કેવી રીતે તેની અને અન્ય પીડિતા સાથે અત્યાચાર કર્યો અને કેવી રીતે સુરક્ષાના વચનો આપતી પોલીસે મોઢું ફેરવી લીધુ હતું. પીડિતા સાથે ઘટેલી પળોને જાણીને કદાચ તમે પણ અંદર સુધી હચમચી જશો.

પીડિતાએ જણાવ્યું કે તેના ગામ પર ૩જી મેના રોજ મૈતેઈ સમુદાયના કેટલાક લોકોએ હુમલો કર્યો. તે દિવસે મણિપુરમાં મૈતેઈ સમુદાયને જી દરજ્જો આપવા માટે હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ ATSUM એ ઠેર ઠેર રેલી કાઢી હતી અને ત્યારબાદ જાતીય હિંસા ભડકી હતી. પીડિતાના જણાવ્યાં મુજબ મૈતેઈ લોકોએ પહેલા પાડોશના ગામ પર હુમલો કર્યો અને ઘર બાળી મૂક્યા. તેની જાણકારી મળતા તેઓ તેમના પાડોશીઓ સાથે જંગલમાં ભાગીને છૂપાઈ. બીજા દિવસે તેણે તેના ૪ બાળકોને એક નાગા ગામમાં બનેલા શેલ્ટરમાં મોકલી દીધા. જે કાંગપોકપી જિલ્લામાં તેમના ગામથી વધુ દૂર નહતા. ત્યારબાદ તે તેના પતિ અને આઠ લોકો સાથે જંગલમાં છૂપાઈ ગઈ. પરંતુ મૈતેઈ ભીડે તેમને દબોચી લીધા. પીડિતાએ જણાવ્યું કે કેવી રીતે તેને અને વાયરલ વીડિયોમાં જોવા મળી રહેલી અન્ય એક મહિલાને બાકી લોકોથી અલગ કરી દીધા. ત્યારબાદ તેમણે અન્ય પીડિતાના ભાઈ અને પિતાની સાથે મેઈન રોડ પર લાવવામાં આવ્યા. પીડિતાએ કહ્યું કે ભીડે અમારું બધુ બાળી મૂક્યું અને અમને મેઈન રોડ પર

અનુસંધાન પાના ૬ ઉપર

## માલવાહક રિક્ષામાં માનવીઓની ખુલ્લેઆમ સવારી

# સાવરકુંડલાનાં નાના ભમોદરા ગામ નજીક ભાર રિક્ષા પલ્ટી જતાં ૧૫ શ્રમિક મહિલાઓ ઈજાગ્રસ્ત

**જવાબદારતંત્રની નજર સામે જ અવરજવર છતાં કોઈ કાર્યવાહી નહી**





સાવરકુંડલા, તા. ૨૧

એક તરફ દેશમાં દર વર્ષે અંદાજિત ૧.૫૦ લાખ નાગરિકોનાં માર્ગ અકસ્માતમાં મોત થયાનું જાહેર થાય છે. ત્યારે, માર્ગ–અકસ્માતમાં થતાં મોતને રોકવામાં તંત્ર નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. અને અકસ્માતની ઘટનામાં સતત વધારો થતો હોય એ બાબત ચિંતાનો વિષય છે.

દરમિયાનમાં સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાં રહેતા અને ખડકાળા મજૂરી કામે છકડો રીક્ષામાં જતાં હોય નાના ભમોદરા નજીક રીક્ષા પલ્ટી ખાઈ જતા ૧૫ મહિલાને ઓર્થોપેડિક ઈજા થતાં ૧૦૮ મારફતે સાવરકુંડલા સરકારી હોસ્પિટલે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. છકડો રીક્ષામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## કરિશ્મા કુદરત કા




તસ્વીર : પ્રતાપ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા બાયપાસ ઉપર ગુરૂવારે અદ્‌ભૂત દ્રશ્ય જોવા મળ્યું જેમાં આકાશમાં અદ્‌ભૂત કલર વચ્ચે વિહરતાં વાદળોનો ઉમેરો જતાં આહ્‌લાદક દ્રશ્યથી પ્રકૃતિ પ્રેમીઓ ઝુંમી ઉઠયા હતા.

## ગાંધીનગરથી પરત આવતી વેળા

# સા.કુંડલા પાલિકાનાં ઉપપ્રમુખ, એન્જિનિયર સહિતને બગોદરા નજીક અકસ્માત નડયો

**તમામને અમદાવાદ ખાતે સારવારમાં ખસેડાયા**



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા નગર પાલિકાનાં ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી, નગરપાલિકા એન્જિનિયર હરેશગીરી ગોસાઈ, કલાર્ક હિતેશભાઈ પલાણ, સહ એન્જીનિયર અજયભાઈ ધાખડાને નાની મોટી ઈજા થવા પામી હતી અને નગરપાલિકાનાં ઉપપ્રમુખ અને વોર્ડ નંબર ત્રણનાં સદસ્ય જયસુખભાઈ નાકરાણીને વધારે ઈજા થતાં બધાંને સારવાર અર્થે બગોદરાથી અમદાવાદ ખાતે લઈ જવામાં આવ્યાં છે.

અકસ્માતની જાણ થતાં સાવરકુંડલા નગરપાલિકાનાં અમૂક કર્મચારીઓ અને પાલિકાનાં સદસ્યો સાવરકુંડલાથી ઘટના સ્થળ બગોદરા ખાતે જવા નીકળ્યા છે.


નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ



કન્જકટીવાઈટીસ
બીમારી વિશે સમજ અને ઉપાય
ડૉ. પૂજા ચોટાઈ
M.S. (Ophthal)
(આંખના રોગોના નિષ્ણાંત)

લક્ષણો
- આંખમાં ખંજવાળ આવવી.
- આંખમાંથી સતત પાણી પડવું.
- આંખમાં દુખાવો થવો.
- આંખના પોપચાં ચોંટી જવા.

કન્જકટીવાઈટીસ થવાના કારણો
વાયરલ અને બેક્ટેરીયલ કન્જકટીવાઈટીસ
એલર્જીથી થતો કન્જકટીવાઈટીસ

શું કરવું

શું કરવું નહીં

નોંધ:- મોતિયા, વેલ, છારીના ઓપરેશન આયુષ્માન કાર્ડમાં તદન મફતમાં થાય છે.



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


## સાવરકુંડલાનાં જાગૃત નાગરિકોએ રોષભેર આવેદનપત્ર પાઠવ્યું

# મણિપુરની હૈયુ હચમચાવી દે તેવી ઘટનાનાં આરોપીઓ અને પરોક્ષ મદદ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરો

**મણિપુરની ઘટનાનો વિડીયો વાયરલ થયા બાદ શાસકો સામે ધિક્કારની લાગણી**



અમરેલી, તા. ૨૧

સાવરકુંડલાનાં જાગૃત નાગરિકોએ મણિપુરની ઘટના અંગે રોષ વ્યકત કરીને આરોપીઓ સામે અને તેમાં પરોક્ષ મદદ કરનાર સામે કડકમાં કડક કાર્યવાહીની માંગ કરેલ છે.

નાયબ કલેકટર મારફત રાષ્ટ્રપતીને પાઠવેલ આવેદનપત્રમાં જણાવેલ છે કે, મણિપુરની ઘટના અંગે સમગ્ર દેશમાં વિડીયો વાયરલ થયાની ઘટનાથી સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયેલ અને જેમાં આઝાદ ભારતનાં મણિપુર રાજયનાં કંગપોકપી જિલ્લાનાં ફલનોમ ગામે તા. ૪ મે ના રોજ દેશની આદિવાસી મહિલાઓને નગ્ન કરી જાહેરમાં પરેડ કરી તેના પ્રાઈવેટપાર્ટમાં હાથ નાખવાની ખુબ જ હલકી કક્ષાની હરકત કરવામાં આવી અને આ મહિલાઓ પૈકી એક મહિલાની ઉંમર માત્ર ૨૧ વર્ષની હોય જેનાં ઉપર ખેતરમાં લઈ જઈને ગેંગ રેપ કરવામાં આવ્યો અને આ સમયે મહિલાનાં ભાઈ તથા પિતાએ બહેનને બચાવવા જતા ભાઈની અને પિતાની હત્યા કરી

અનુસંધાન પાના ૬ ઉપર


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જેની પાસે ધૈર્ય છે અને જે મેહનતથી ગભરાતો નથી, સફળતા તેની દાસી છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868


## સાવરકુંડલા શહેરની ઘટના

# વેપારી યુવકને ગીફટની લાલચ આપી અજાણ્યા શખ્સે રૂા. ૧૪ લાખની રકમની ઠગાઈ કરી

**એરપોર્ટ ઉપર આવેલ પાર્સલ છોડાવવા રકમ માંગી હતી**

અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર આવેલ નંદી ગ્રામ સોસાયટીમાં રહેતા અને વેપાર કરતાં પિયુષભાઈ જયંતીભાઈ ઠુંમર નામનાં ૩૫ વર્ષિય વેપારી યુવકને કોઈ અજાણ્યા ઈસમે ફોન ઉપર અવાર–નવાર વાતો કરી વિશ્વાસમાં લઈ મોટી રકમની ગીફટની લાલચ આપી વેપારી યુવકને ગીફટ દિલ્હી એરપોર્ટ ઉપર આવી ગયેલ છે જેને છોડાવવા માટે ચાર્જ, કુરીયર ચાર્જ, ઈન્કમટેક્ષ ચાર્જ, કસ્ટમ ડયુટી વિગેરે ચાર્જ ભરવો પડે તેમ છે. તેમ જણાવી વેપારી યુવકનાં બેન્ક એકાઉન્ટમાંથી અજાણ્યા ઈસમે રૂા. ૧૪,૦૯,૦૦૦ બદદાનતથી મેળવી લઈ વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ સાયબલ ક્રાઈમ પોલીસમાં નોંધાઈ છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)